પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૫૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૪-૦૨-૨૦૨૪ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પોતાના હોશ ઠેકાણે નથી અને મારી કાશીના બાળકોને નશેડી કહે છે: મોદીએ રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીના પ્રવાસે છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર તેમણે કહ્યું કે જે લોકો હોશ ગુમાવી ચૂક્યા છે તેઓ યુપીના મારી કાશીના બાળકોને નશાખોર કહી રહ્યા છે. અરે, તમે આત્યંતિક પરિવારવાદીઓ, યુપીના યુવાનો વિકસિત યુપી બનાવવામાં વ્યસ્ત છે. પીએમએ કહ્યું કે ભારત ગઠબંધન દ્વારા યુપીના યુવાનોનું અપમાન ક્યારેય ભૂલી શકાશે નહીં. તેમની અસ્વસ્થતાનું બીજું કારણ છે; તેમને કાશી અને અયોધ્યાનું નવું સ્વરૂપ બિલકુલ પસંદ નથી. તેથી જ તેઓ દરેક ચૂંટણી વખતે સાથે આવે છે અને જ્યારે પરિણામ શૂન્ય આવે છે, ત્યારે તેઓ એકબીજાને અપશબ્દો બોલીને અલગ થઈ જાય છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારથી વિશ્વનાથ ધામનું ઉદ્‌ઘાટન થયું છે ત્યારથી રિક્ષાચાલકો, ફૂલ વેચનારાઓ અને હોડી ચલાવનારાઓની રોજગારી વધી છે. નેપોટિઝમે યુપીને પાછળ રાખ્યું છે અને યુવાનોનું ભવિષ્ય બગાડ્યું છે. કોંગ્રેસના રાજવી પરિવારના યુવરાજનું કહેવું છે કે કાશીના યુવાનો યુપીના યુવા નશાખોર છે. તેઓ હોશ બહાર છે, તેઓ મારી કાશીના યુવાનોને નશાખોર કહી રહ્યા છે. આ તેમની વાસ્તવિકતા છે, તેઓ પરિવારવાદી છે. તેઓ યુવાનોની પ્રતિભાથી ડરે છે. તેમના ગુસ્સાનું કારણ કાશી અને અયોધ્યાનું નવું સ્વરૂપ છે, જે તેમને પસંદ નથી.

તેઓ રામ મંદિર પર ઘણી બધી બાબતોથી હુમલો કરે છે, તેઓ દરેક ચૂંટણી પર એક સાથે આવે છે, તેમને ખબર નથી કે "આ બનારસ છે, અહીં બધા ગુરુઓ છે, તેમની યુક્તિઓ અહીં કામ નથી કરતી." પીએમ મોદીએ કહ્યું કે આ વખતે સમગ્ર દેશનો મૂડ મોદીની ગેરંટી માટે છે. યુપીમાં તમામ સીટો એનડીએના નામે રહેશે. મોદીનો ત્રીજો કાર્યકાળ સૌથી તીવ્ર કાર્યકાળ બની રહ્યો છે. વડાપ્રધાને શુક્રવારે સવારે **BHU** ખાતે કાશી સંસદ સંસ્કૃત સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં ભાગ લીધો હતો. જે બાદ તેઓ સીર ગોવર્ધન ગામ પહોંચ્યા. અહીં તેમણે સંત રવિદાસ મંદિરમાં પૂજા-અર્ચના કરી અને લંગરનો પ્રસાદ લીધો. આ પછી મંદિર પરિસરમાં સંત રવિદાસની ૨૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ સમારોહ દરમિયાન પોતાના સંબોધનમાં કહ્યું કે, ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યામાં બનેલા રામ મંદિરના અભિષેક બાદ પીએમ મોદી આજે વારાણસી આવ્યા છે, તેમનું સ્વાગત છે. કાશી ધામ પછી અયોધ્યામાં રામ લલ્લાની હાજરી દરેક ભારતીયને અભિભૂત કરે છે. છેલ્લા ૧૦ વર્ષોમાં, પીએમ મોદીએ હજારો કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સ સાથે વિશ્વભરમાં કાશીની સ્થાપના કરી છે, આજે પણ તેમણે ૧૩-૧૪ હજાર કરોડ રૂપિયાની યોજનાઓનું ઉદ્‌ઘાટન કર્યું છે. સીએમ યોગીએ કહ્યું કે યુપીએ બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદનમાં મોટું પગલું ભર્યું છે. હવે માતા ગાયનું પણ રક્ષણ થશે. વડાપ્રધાને ૧૦ વર્ષમાં કાશીને ૪૫ હજાર કરોડ રૂપિયાની યોજનાઓ આપી છે. આ પીએમ મોદીનું નવું ભારત છે, જે સન્માન, સમૃદ્ધિ અને આસ્થાનું સન્માન જાળવી રાખશે. દેશવાસીઓને વિકસિત ભારતના સંકલ્પ સાથે જોડનારા પીએમ મોદીએ દેશને વિશ્વમાં ઓળખ અપાવી છે.

## મહાદેવના આશીર્વાદથી કાશીમાં ચારેબાજુ વિકાસનો ડમરૂ વાગે છે:પીએમ મોદી

નવીદિલ્હી

પીએમ મોદી તેમના વારાણસી પ્રવાસના બીજા દિવસે કાશી હિન્?દુ યુનિવર્સિટી પહોંચ્યા હતા. અહીંના સ્વતંત્રતા ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કાશી સંસદ સંસ્કૃત સ્પર્ધાના ટોપર્સને પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં તેમની સાથે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બીજેપી પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરી પણ હાજર હતા.આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રીએ સાંસદ ફોટોગ્રાફી સ્પર્ધા, સાંસદ સંગીત સ્પર્ધા, સાંસદ જ્ઞાન સ્પર્ધા સહિત અન્ય શ્રેણીઓમાં આયોજિત સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્રો અને ચંદ્રકો આપ્યા હતા.તેમણે પોતાના સંબોધનની શરૂઆત 'નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ'થી કરી હતી. તેમણે કહ્યું કે કાશી તમામ જ્ઞાનની રાજધાની છે, આજે કાશીની તે શક્તિ અને સ્વરૂપ ફરી સુધરી રહ્યું છે. આ સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે. કાશીમાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલા વિકાસ કાર્યોની સંપૂર્ણ માહિતી પર આજે અહીં બે પુસ્તકો પણ લોન્ચ કરવામાં આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં કાશીએ જે વિકાસની યાત્રા હાથ ધરી છે તેના દરેક તબક્કા અને તેની સંસ્કૃતિનું વર્ણન આ પુસ્તકોમાં કરવામાં આવ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણે બધા માત્ર સાધન છીએ, કાશીમાં જે કરે છે તે મહાદેવ છે. જ્યાં જ્યાં મહાદેવના આશીર્વાદ હોય ત્યાં તે ધરતી સમૃદ્ધ બને છે. કાશી એ માત્ર આપણી આસ્થાનું તીર્થસ્થાન નથી, તે ભારતની શાશ્વત ચેતનાનું જાગૃત કેન્દ્ર છે. તેમણે કહ્યું, 'એક સમય હતો જ્યારે ભારતની સમૃદ્ધિની વાર્તા આખી દુનિયામાં કહેવામાં આવતી હતી. તેની પાછળ માત્ર ભારતની આર્થિક તાકાત જ ન હતી. આની પાછળ આપણી સાંસ્કૃતિક સમૃદ્ધિ, સામાજિક અને આધ્યાત્મિક સમૃદ્ધિ પણ હતી. કાશી જેવા આપણા તીર્થસ્થાનો અને વિશ્વનાથ ધામ જેવા આપણા મંદિરો રાષ્ટ્રની પ્રગતિ માટે યજ્ઞ સ?થાનો હતા. અહીં સાધના કરવામાં આવી હતી તેમજ ચર્ચાઓ પણ યોજાઈ હતી. સંવાદો અને સંશોધનો પણ અહીં થયા.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **BHU** ખાતે આયોજિત સંસદીય સંસ્કૃત સ્પર્ધાના પુરસ્કાર વિતરણ સમારોહ દરમિયાન પોતાના સંબોધનમાં કહ્યું કે કાશી શિવની પણ નગરી છે, તે બુદ્ધના ઉપદેશોની પણ ભૂમિ છે. કાશી જૈન તીર્થંકરોનું જન્મસ્થળ પણ છે અને આદિ શંકરાચાર્યે પણ અહીંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર દેશમાંથી અને દુનિયાના ખૂણે ખૂણેથી લોકો જ્ઞાન, સંશોધન અને શાંતિની શોધમાં કાશી આવે છે. દરેક પ્રાંત, દરેક ભાષા, દરેક બોલી, દરેક રિવાજના લોકો કાશીમાં આવીને વસ્યા છે. જ્યાં આવી વિવિધતા હોય ત્યાં નવા વિચારો જન્મે છે. વિશ્વનાથ ધામ કાશી તમિલ સંગમ અને ગંગા પુષ્કરાલુ મહોત્સવ જેવા એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાનનો પણ ભાગ બની ગયું છે. નવી કાશી નવા ભારતની પ્રેરણા તરીકે ઉભરી આવી છે. હું આશા રાખું છું કે અહીંથી આવનારા યુવાનો સમગ્ર વિશ્વમાં ભારતીય જ્ઞાન, પરંપરા અને સંસ્કૃતિના ધ્વજવાહક બનશે

## તા. ૨૯ના ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિની પ્રથમ બેઠક : ૧૦૦ ઉમેદવારોની યાદી જાહેર કરાશે

દેશમાં આગામી મહિનાના મધ્યમાં જાહેર થઈ શકતી લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપે હવે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા પણ તેજ બનાવી છે અને ઉતરપ્રદેશ સહિતના રાજયોમાં ૧૦૦ જેટલી બેઠકોના ઉમેદવારોની યાદી તૈયાર થઈ ગઈ છે તા.૨૯ના રોજ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળી શકે છે અને તેમાં આ યાદીને મંજુરી આપીને માર્ચના પ્રથમ સપ્તાહમાં ભાજપ પ્રથમ યાદી જાહેર કરશે.લોકસભા ચૂંટણીમાં ભાજપનું બેકડોર મંથન ઝડપી બની ગયું છે. પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ જે ૧૨૦ બેઠકો ભાજપે તેના માટે મુશ્કેલ કેટેગરીમાં મૂકી છે. તેમાંથી ૧૦૦ બેઠકો પર પક્ષે ઉમેદવારોની પસંદગી કરી લીધી છે જેમાં ઉત્તરપ્રદેશ, બંગાળ, મહારાષ્ટ્ર અને તામિલનાડુ જેવા રાજયો છે. તેમાં ૨૦૧૯માં ભાજપને પરાજય સહન કરવો પડયો હતો. પરંતુ જેમ ધારાસભા ચૂંટણીમાં ભાજપે મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા મહત્વના રાજયોમાં ૨૦૧૮માં ગુમાવેલી બેઠકો પર પહેલા ઉમેદવારો જાહેર કર્યા અને સાથોસાથ પક્ષના અન્ય દિગ્ગજોને આ બેઠક જીતી લાવવા પડકાર ફેંકયો તે ફોર્મ્યુલા સફળ રહી છે અને તે લોકસભામાં અપનાવે તેવી ધારણા છે.પક્ષે ૨૦૧૯ના પરિણામોના આધારે ટફ બેઠકોને વધુ પ્રાધાન્ય આપવાની નીતિ નકકી કરી છે. ગુજરાત સહિતના અનેક રાજયો જયાં ભાજપનો ચૂંટણી સ્ટ્રાઈક રેટ ૧૦૦ ટકા કે તેની આસપાસ રહ્યો છે ત્યાં પક્ષ માર્ચના બીજા સપ્તાહ બાદ ઉમેદવારો જાહેર કરશે. ૨૯ ફેબ્રુઆરીના રોજ ભાજપની મધ્યસ્થી ચૂંટણી સમિતિ અને પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળી રહી છે અને તેમાં પક્ષે આ યાદી મુકવા નિર્ણય લીધો છે.૨૯ના આ બેઠક અગાઉ તા. ૨૨ના રોજ થવાની હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમો, ખેડુત આંદોલન અને વિપક્ષની રણનીતિ આ તમામ ફેકટર વિચાર્યા બાદ તા. ૨૯ના રોજ બેઠક બોલાવાય છે. સુત્રોના જણાવ્યા મુજબ પાંચ રાજયોમાં ભાજપે નબળી બેઠકોને માટે હાલમાં જે રાજયસભામાંથી કેન્દ્રીય મંત્રીઓ રીપીટ ન થયા તેમાંથી અનેકને ઉમેદવાર બનાવી શકાય છે.એટલું જ નહીં પક્ષ આ ઉપરાંત કેટલાક નવા ચહેરાઓને પણ આ બેઠકમાં ઉમેદવાર બનાવીને મતદારોને આકર્ષવા પ્રયત્ન કરશે. ભાજપે જયાં મહત્વના સાથી પક્ષ નથી અને સોલો આગળ વધી શકે છે તે રાજયોને પસંદ કર્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ બાદમાં વિપક્ષી ગઠબંધનનું ચિત્ર સ્પષ્ટ થતા જ પક્ષ એક બાદ એક યાદી જાહેર કરતા રહેશે.

## વેરાવળ બંદરેથી ૩૫૦ કરોડોનું હેરોઈન ઝડપાયું,૯ ખલાસીની ધરપકડ



વેરાવળ,

વેરાવળ બંદરેથી ૩૫૦ કરોડોનો હેરોઈનનો જથ્થો ઝડપાયો છે. દરિયાઈ માર્ગે ફિશિંગ બોટમાં ૫૦ કિલો હેરોઈનનો જથ્થો વેરાવળ લાવવામાં આવ્યું હતું. જે મધ્યરાત્રીના બાતમી આધારે પોલીસે ઝડપી પાડ્યું છે. એક કિલો હેરોઈનની આંતરરાષ્ટ્રીય કિંમત ૭ કરોડ છે. જેથી ૫૦ કિલો હેરોઈનની કુલ ૩૫૦ કરોડ જેટલી થાય છે.હાલ છ્‌જી સહિત ગીર સોમનાથ અને મરીન પોલીસ સહિતની બ્રાન્ચ દ્વારા સંયુક્ત તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યું છે.ગીર સોમનાથ એસપી મનોહરસિંહ જાડેજાની ટીમ દ્વારા વેરાવળમાં નશીલા પદાર્થ અંગે મેગા ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જેમાં ૫૦ કિલો હેરોઈનના જથ્થા સાથે ૯ ખલાસીઓ ધરપકડ કરવામાં આવી છે.અરબી સમુદ્રમાં દરિયાઈ માર્ગે આવતા નશીલા પદાર્થના મોટા જથ્થાને સુરક્ષા એજન્સીએ ઝડપી પાડ્યો છે. જે હ્લજીન્ રિપોર્ટ આવ્યા બાદ આ માદક પદાર્થ હેરોઈન હોવાની માહિતી બહાર આવી હતી. સૂત્રોમાંથી માહિતી વિગતો મુજબ વેરાવળ નજીકના સમુદ્રમાંથી સુરક્ષા એજન્સીઓને મળેલી બાતમીના આધારે એક ફિશિંગ બોટમાં વેરાવળ બંદર ઉપર આવી રહેલા હેરોઈનના મોટા જથ્થાને ઝડપી પાડવામાં આવ્યો છે.એસઓજી, એલસીબી સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટમાંથી ઝડપાયેલા ૯ જેટલા ખલાસીઓનું ઈન્ટરોગેશન કરવામાં આવી રહ્યું છે.આધારભૂત સૂત્રોમાંથી માહિતી મળી રહી છે તે મુજબ રાજકોટના અમુક રીસીવરો આ નશીલા પદાર્થની ડીલીવરી લેવા માટે વેરાવળ બંદર ઉપર પણ આવી પહોંચ્યા હોવાની સુરક્ષા એજન્સીઓને બાતમી મળી છેય સુરક્ષા એજન્સીઓ દ્વારા આ દિશામાં પણ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.હાલ સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. ત્યારે આ નશીલા પદાર્થની હેરાફેરીમાં સ્થાનિક કોઈ માછીમાર અથવા કોઈ એવા ગુનાહિત માનસ ધરાવતા તત્વોની સંડોવણી છે કે કેમ? આ ઉપરાંત આ નશીલા પદાર્થનો જથ્થો કોણે મોકલ્યો હતો. કોના દ્વારા મંગાવામાં આવ્યો હતો તે દિશામાં તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.

## મહારાષ્ટ્રના પૂર્વ સીએમ મનોહર જોશીનું ૮૭ વર્ષની વયે નિધન

મહારાષ્ટ્ર,

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી મનોહર જોશીનું ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સારવાર દરમિયાન સવારે ૩ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મનોહર જોશીને હાર્ટ એટેક આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેની આઈસીયુમાં સારવાર ચાલી રહી હતી યાં તેમને અંતિમ શ્વાસ લીધા.થોડા મહિના પહેલા મનોહર જોશીને બ્રેઈન હેમરેજના કારણે હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જોકે, તેમની તબિયત સ્થિર થતાં તેમને રજા આપવામાં આવી હતી. નોંધનીય છે કે મનોહર જોશી છેલ્લા ઘણા દિવસોથી નાદુરસ્ત તબિયતના કારણે સક્રિય રાજકારણથી દૂર રહ્યા હતા. મનોહર જોશીનો જન્મ ૨ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ રાયગઢ જિલ્લાના નંદવી ગામમાં થયો હતો. ૧૯૯૫માં તેઓ ગઠબંધન સરકારમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બ ન્યા. બાળપણ - સંસ્કારી પરંતુ ગરીબ પરિવારમાં જન્મ્યા હોવાથી, તે બાળપણથી જ 'કમાવું અને શીખવું' તકનીક સાથે સંઘર્ષ ચાલુ થયી ગયો હતો.

મનોહર જોશીએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર, મેયર, વિધાન પરિષદના સભ્ય, ધારાસભ્ય, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, સાંસદ, કેન્દ્રીય ભારે ઉધોગ મંત્રી, લોકસભાના અધ્યક્ષ અને રાયસભાના સભ્ય જેવા વિવિધ પદો પર સેવા આપી છે. બાળાસાહેબ ઠાકરેના સમયમાં શિવસેનામાં બળવો થયા પછી એકનાથ શિંદેએ તેમના હેઠળના વરિ નેતાઓને મળવાનું શ કયુ. એ જ સમયે એકનાથ શિંદે મનોહર જોશીને મળ્યા અને તેમની કારકિર્દીને નવો આયામ મળ્યો

## જમ્મુ અને કાશ્મીરમાં ભૂસ્ખલન, બરફના તોફાનમાં ૨નાં મોત



શ્રીનગર,

જમ્મુ અને શ્રીનગરમાં ભૂસ્ખલન અને બરફના તોફાનથી એક રશિયન નાગરિક સહિત બે લોકોનાં મોત થયા હતાં. રાજ્યમાં બરફવર્ષાને કારણે ફસાયેલા આશરે ૮૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. બીજી તરફ હિમાચલપ્રદેશમાં ભારે બરફવર્ષા અને વરસાદને કારણે ઓછામાં ઓછા ૪૦૦ રસ્તાઓ બ્લોક થઈ ગયાં હતાં. સિક્કિમમાં અસાધારણ ભારે બરફવર્ષાથી વ્યૂહાત્મક માર્ગ બંધ થઈ ગયા હતા અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું.રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થતાં હવામાન ખુશનુમા રહ્યું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી વધારે હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં ગુલમર્ગના બરફના તોફાનને પગલે એક રશિયન સ્કીયરનું મૃત્યુ થયું હતું, જ્યારે સ્થાનિક ગાઈડ સહિત બીજા સાત લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.સાત રશિયનોનું જૂથ અને એક સ્થાનિક ગાઈડ સાથે હિમપ્રપાતથી પ્રભાવિત આર્મી રિજ વિસ્તારમાં નોન-સ્કી ઝોનમાં પ્રવેશ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે સવારે ૮.૩૦ વાગ્યે રામબન જિલ્લાના સેરી નજીક કંપનીના હેડક્વાર્ટરની બહાર ભૂસ્ખલનથી એક શ્રમિકનું મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશનો વતની દેશપોલ નાસ્તો કરવા માટે કંપનીની મેસ તરફ જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.કાઝીગુંડમાં આર્મીના જવાનોએ ભૂસ્ખલન અને બરફના તેફાનને કારણે છેલ્લા ત્રણ દિવસથી જમ્મુ-કાશ્મીર હાઈવે પર ફસાયેલા ૮૦થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સ્ટાફને બચાવ્યા હતાં. ુધવારે ભારે બરફવર્ષા અને ભૂસ્ખલનને કારણે ઘણા મુસાફરો જમ્મુ-શ્રીનગર હાઈવે પર ફસાયા હતા, તેમાં રાજસ્થાનની લો કોલેજના ૭૪ વિદ્યાર્થીઓ અને સાત સ્ટાફ સભ્યો હતા. એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે બનિહાલને પાર કર્યા પછી અમારા વાહનની સામે માત્ર ૫૦૦ મીટરના અંતરે ભૂસ્ખલન થતાં અમે ગભરાઈ ગયા હતા. કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડતો એકમાત્ર ૨૭૦ કિલોમીટર લાંબો હાઈવેબનિહાલ નજીક કિશ્તવારી પાથેર ખાતે ભૂસ્ખલનને પગલે ચોથા દિવસે પણ બંધ રહ્યો હતો.

## ભારતીયોને રશિયા યુક્રેન યુદ્ધ માં લડવા મજબુર કરાતાં વિદેશ મંત્રાલયની સલાહ

નવીદિલ્હી,

ભારતે શુક્રવારે તેના નાગરિકોને 'સાવધાની રાખવા' અને 'આ સંઘર્ષથી દૂર રહેવા' સલાહ આપી હતી કે કેટલાક ભારતીયોને યુક્રેન સામે રશિયાના યુદ્ધમાં લડવા માટે કથિત રીતે 'મજબૂર' કરવામાં આવ્યા છે. એક પ્રેસ બ્રીફિંગમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, 'અમે જાણીએ છીએ કે થોડા ભારતીય નાગરિકોએ રશિયન સેનામાં સહાયક નોકરીઓ માટે સાઈન અપ કર્યું છે.

ભારતીય દૂતાવાસે નિયમિતપણે આ મામલો સંબંધિત રશિયન અધિકારીઓ સાથે તેમના માટે ઉઠાવ્યો છે. વહેલા ડિસ્ચાર્જ. અમે તમામ ભારતીય નાગરિકોને યોગ્ય સાવચેતી રાખવા અને આ સંઘર્ષથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ.''

આ અઠવાડિયાની શરૂઆતમાં, **AIMIM**ના વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદીન ઓવૈસીએ વિદેશ પ્રધાન એસ જયશંકરને ત્રણ ભારતીયોને બચાવવા વિનંતી કરી હતી જેમને કથિત રીતે રશિયન સેનામાં જોડાવા અને યુક્રેન સામેના યુદ્ધમાં લડવા માટે ફરજ પાડવામાં આવી હતી. ઓછામાં ઓછા ત્રણ ભારતીય નાગરિકોને એક એજન્ટ દ્વારા કથિત રીતે છેતરવામાં આવ્યા હતા અને ''સેના સુરક્ષા સહાયક'' તરીકે કામ કરવા માટે રશિયા મોકલવામાં આવ્યા હતા. આ શખ્સો ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ અને જમ્મુ-કાશ્મીરના છે. ''આ માણસોને ઘરે પાછા લાવવા માટે કૃપા કરીને તમારી સારી ઓફિસનો ઉપયોગ કરો. તેમના જીવન જોખમમાં છે અને તેમના પરિવારો વાજબી રીતે ચિંતિત છે,'' ઓવૈસીએ જયશંકરને ટેગ કરીને ટ્વિટ કર્યું.

જો સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવે તો, ચાલી રહેલા યુદ્ધમાં ભારતીયો રશિયન સૈન્ય સાથે, પસંદગી અથવા બળજબરીથી લડતા હોય તેવો આ પહેલો કિસ્સો હશે. યુક્રેનમાં યુદ્ધ તેના ત્રીજા વર્ષમાં પ્રવેશે છે, યુક્રેનિયન દળો પાછળના પગ પર છે, દારૂગોળાની અછત છે અને રશિયન સૈનિકો આક્રમક ઝુંબેશ દબાવતા હોવાથી કેટલાક વિસ્તારોમાં પીછેહઠ કરવાની ફરજ પડી છે.

મોટાભાગનું યુદ્ધ ગ્રાઈન્ડીંગ આર્ટિલરી લડાઈમાં ઉતરી આવ્યું છે, જેમાં બંને પક્ષો દરરોજ હજારો શેલ છોડે છે. તાજેતરના દિવસોમાં યુક્રેનિયન શહેર અવદિવકા પર પ્રતિકાત્મક કબજો જોવા મળ્યો છે અને યુએસ કોંગ્રેસે કિવને મહત્વપૂર્ણ લશ્કરી સહાયને અવરોધિત કરી છે. યુક્રેન ૨૦૨૩ ના મોટા ભાગ માટે રશિયા કરતાં વધુ શેલ ફાયર કરી શકે છે, પરંતુ મોસ્કોએ ઉત્પાદનમાં વધારો કર્યો છે અને ઉત્તર કોરિયા અને ઈરાનથી રાઉન્ડ આયાત કર્યા છે, રોઈટર્સ અહેવાલ આપે છે. દરમિયાન, યુનાઈટેડ સ્ટેટ્સ શુક્રવારે તેની આર્કટિક જેલમાં પુતિનના વિરોધી નેવલનીના ગયા અઠવાડિયે મૃત્યુને લઈને મોસ્કો પર નવા પ્રતિબંધોની જાહેરાત કરવા માટે તૈયાર છે.

### જાહેર નોટીસ

**મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં**

જન્મ/મરણ/નોંધણી/અ.નં.૧૭/૨૦૨૪

**અરજદાર :** ભોઈ મફતભાઈ સોમાભાઈ, રહે.ભોઈવાડા લુણાવાડા તા.લુણાવાડા, જી.મહીસાગર

વિરૂધ્ધ :

**સામાવાળા :** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને નગર પાલિકા, લુણાવાડા.

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે '' શ્રી ભોઈ મફતભાઈ સોમાભાઈ'' એ તેમના દાદાના નામે ''ભોઈ હિરાભાઈ લાલાભાઈ''નો મરણ તા.૦૧/૦૯/૧૯૭૯ના વર્ષમાં મુ.પો.તા.લુણાવાડા, જી.મહીસાગર મુકામે થયેલ હતો. તેવુ અમારી સમક્ષ જાહેર કરી મરણની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૨૫/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/-
(પાટીલ આનંદ અશોક IAS)
આસીસ્ટન્ટ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાંત લુણાવાડા

# લુણાવાડામાં બે વ્યાજખોરોના ત્રાસથી ૩૫ વર્ષીય યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

## લુણાવાડ પોલીસ મથકે બન્ને વ્યાજખોર સામે ગુનો નોંધી ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા.

લુણાવાડા, મહિસાગર જીલ્લાના લુણાવાડામાં વ્યાજખોરન ત્રાસથી કંટાળી જઈને યુવાને ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવા પી જવાની જાણ થતાં પત્ની અને તેના ભાઈ દ્વારા લુણાવાડા સરકારી હોસ્પિટલમાં દાખલ કરતાં જીવ બચી જવા પામ્યો. આ બાબતે પોલીસ મથકે વ્યાજખોર બે ઈસમો સામે ફરિયાદ નોંધાવા પામી છે.મહિસાગરના લુણાવાડાના મોડાસા ફળી વિસ્તારમાં રહેતા વસીમ ભટીયારાએ પાડોશમાં રહેતા રઈશાબાનુને પૈસાની જરૂર હતી. જેથી લુણાવાડામાં વ્યાજે નાણાં આપતા હિતેશ જોશી પાસેથી ૨.૫૦ લાખ અઢી લાખ વ્યાજે લીધા હતા અને વ્યાજે લીધેલા નાણાંના બદલામાં રોજ ૧૫૦૦ રૂપીયા જમા કરાવતા હતા.

જેની હિતેશ જોશી ચોપડીમાં નોંધ કરતો હતો. વસીમ ભટીયારાએ વ્યાજે લીધેલ પૈસાના બદલમાં લુણાવાડા બ્રાન્ચનો કોરો ચેક આપ્યો હતો. વ્યાજે લીધેલ નાણાંના ૪૦ ટકા રૂપીયા આપી દીધા હોવા છતાં હિતેશ જોશી અવારનવાર ઉઘરાણી કરતો હતો અને પૈસા ભરવાના રહી જાય તો પેનલ્ટી ચડાવતો હતો. જેથી વસીમ ભાટીચારા ઘર છોડી ચાલ્યા ગયા હતા. આ ઉપરાંત લુણાવાડામાં વ્યાજે નાણાં આપતા કમલેશ દાલ બાટીવાળા પાસેથી ૩ લાખ રૂપીયા વ્યાજે લીધા હતા. બદલામાં એસ.બી.આઈ.ના કોરો ચેક લીધો હતો અને વસીમ ભાટીયારા આ વ્યાજખોર કમલેશ દાલબાટીવાળાના ત્યાં પણ રોજના ૨ હજાર જમા કરતો હતો. તેને પણ ૫૦ ટકા પૈસા આપી દીધા હતા. તેમ છતાં ઉઘરાણી કરતાં ઘર છોડીની લીમડી જતો રહ્યો હતો. ત્યારે પણ કમલેશ ઘરે ઉઘરાણી માટે આવ્યો હતો. ૩ લાખ આપી દે તેમ કહી ધમકાવતા હતા. આમ લુણાવાડાના વ્યાજખોર હિતશ જોશી અને કમલેશ દાલબાટીવાળાના ત્રાસ થી કંટાળી જઈને વસીમ ભાટીયારાએ ઝેરી દવા પી લીધી હતી. દવા પી ગયાની પત્નીને જાણ થતાં તેના ભાઈ સાથે બાઈક ઉપર બેસાડીને લુણાવાડા સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સમયસર સારવાર મળતાં વસીમ ભાટચારાનો જીવ બચી જવા પામ્યો હતો. સારવાર બાદ સ્વસ્થ થતાં લુણાવાડા પોલીસ મથકે કમલેશભાઈ જગતનાથ તૈલી તથા હિતેશલાલ શંકરલાલ જોશી વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધી બન્ને ઈસમોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# જિલ્લા કલેકટરને તપાસના આદેશ : મહીસાગરમાં ST વર્ગની સરકારી યોજનાના કામો ફક્ત પેપર પર થયા હોવાની હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી

લુણાવાડા, ગુજરાત હાઈકોર્ટમાં મહીસાગરના બાબુભાઈ ડામોર દ્વારા એડવોકેટ જિત્ત ભટ્ટ મારફતે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં જણાવાયુ છે કે, મહીસાગરના આદિજાતિ વિસ્તારોમાં તેમને લગતા સરકારી વિકાસના કામ થયાં નથી અને ફક્ત પેપર ઉપર કામગીરી બતાવાઈ છે. જેને લઈને હાઈકોર્ટે મહીસાગર જિલ્લા પંચાયતના DDOને વ્યક્તિગત સોગંદનામુ દાખલ કરવા જણાવ્યું હતું.

અરજદારનો કામ ન કરી પૈસા સેરવી લેવાનો આક્ષેપ આજે આ અંગે હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વધુ સુનવણી હાથ ધરાઈ હતી. જેમાં DDO દ્વારા એફિડેવિટ ફાઈલ કરાઈ હતી. DDO અને કડાણા TDO વતી ઉપસ્થિત થયેલા એડવોકેટે કોર્ટને જણાવ્યું હતું કે, અરજદારે કામ નહિ કરીને પૈસા સેરવી લેવાનો આક્ષેપ કર્યો છે. જે સંદર્ભે DDO દ્વારા ટીમ બનાવીને તપાસ કરવામાં આવી હતી અને તેનો રીપોર્ટ આપવામાં આવ્યો છે. કામ ન થયા પણ ખોટા ફોટા રજૂ કરાયા જે મુજબ ૬૫ કામ માંથી ૩૧ કામ માટે ઉચ્ચ ઓથોરિટીની મંજૂરી નહિ મળતા તે કામ કરાયા નથી. જ્યારે બાકીના ૩૪ કામના વર્ક કંપ્લિશન સર્ટિફિકેટ છે. જે મુદ્દે અરજદારે જણાવ્યું હતુંકે, DDOની તપાસનો રીપોર્ટ RTI દ્વારા માંગવામાં આવ્યો હોવા છતાં અપાયો નહોતો. વળી જેની ઉપર આક્ષેપ છે તે તલાટી કમ મંત્રી અને પૂર્વ સરપંચ પણ DDOની તપાસ ટીમના સભ્ય હતા. ખરેખર કામ થયા નથી, પણ ખોટા ફોટા રજૂ કરાયા છે. વધુ સુનાવણી ૮ એપ્રિલે હાથ ધરાશે. આજે ગુજરાત હાઈકોર્ટે મહીસાગરના કલેકટરને આદેશ આપ્યો હતો કે, કલેકટર તેની કચેરીમાંથી ઓફિસરની ટીમ બનાવીને જે ૩૪ કામ પૂર્ણ થયા છે. તેની સ્થળ ઉપર જઈને તપાસ કરશે. તેમજ તે રીપોર્ટ ૬ અઠવાડિયામાં હાઈકોર્ટ સમક્ષ મૂકશે. આ મુદ્દે વધુ સુનાવણી ૮ એપ્રિલે હાથ ધરાશે. અરજદારે જણાવ્યું હતુ કે, સમગ્ર ગુજરાતના ટ્રાઈબલ બેલ્ટમાં આવી સ્થિતિ છે.

# લુણાવાડા જીલ્લા સેવા સદન રોડ ખાતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનનું વેચાણ કરવામાં આવ્યુ



મહીસાગર, ઘણા લાંબા સમયથી રાજ્યના ખેડૂતો પોતાની ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો બેફામ ઉપયોગ કરતા આવ્યા છે. પરિણામે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ પર વિપરીત અસરો જોવા મળે છે. જેને લઈ રાજ્યપાલ દ્વારા પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળવાનો પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યું છે.

મહીસાગર જીલ્લાના ખેડૂતોને વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ વિશેષ કામો હાથ ધરવામાં આવે છે. આ માટે ખેડૂતોનો પ્રાકૃતિક પેદાશોનું વેચાણ થઈ શકે અને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે ખેડૂતોને જીલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ સંકલન કરી આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એ વેચાણ વ્યવસ્થા માટે ખેડૂતોને પ્રાકૃતિક પેદાસનો યોગ્ય વેચાણનું સ્થળ મળી રહે અને વિશેષ બજાર મળી રહે તે માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા.જે અંતર્ગત આજ રોજ લુણાવાડા જીલ્લા સેવા સદન રોડ ખાતે જીલાના દરેક તાલુકામાંથી આવેલ ખેડૂતો તેમની પ્રાકૃતિક પેદાશોને લઈ સ્ટોલનું આયોજન આત્મા મહીસાગર દ્વારા કરવામાં આવ્યું. જેની જીલ્લા કલેકટર નેહા કુમારી અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ એ મુલાકાત લઈ ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ વેચાણ વ્યવસ્થામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી પકવેલી શાકભાજી અને ખરીફ સીઝનમાં પકવેલા ડાંગર, મકાઈ, બાવટો તેમજ વિવિધ કઠોળનું પણ વેચાણ કર્યું હતું. આ રીતે હવે થી જીલ્લામાં અઠવાડિયામાં એક દિવસ તમામ તાલુકા કક્ષાએ અને જીલ્લા કક્ષાએ પ્રાકૃતિક ખેતી ના ઉપજનો વેચાણ શરૂ કરવામાં આવનાર છે.

# ખાનગી બસ પલટી જતા બે લોકોનાં મોત : નડિયાદ નજીકના એક્સપ્રેસ વે પરનો બનાવ, ફસાયેલા મુસાફરોને બહાર કાઢી સારવાર માટે ખસેડાયા

**અકસ્માતમાં મૃતકોના નામ**

દિનેશભાઈ ભાવનીચકર શાહ (રહે.બારેજા)

દેવ દેવેન્દ્રભાઈ શાહ (રહે. બાપુનગર)



નડિયાદ, નડિયાદ નજીકથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે પાસે આજે શુક્રવારની સમી સાંજે પસાર થતી એક ખાનગી લકઝરી બસ એકાએક રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે અંદર બેઠેલા લોકોમાં બૂમરાણ મચી જવા પામી હતી. આ ઘટનામાં બે લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા હોવાની માહિતી મળી રહી છે. જ્યારે બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ બનાવ સ્થળે દોડી આવી હતી.

વિસ્તારથી વિગતો જોઈએ તો, નડિયાદ પાસેથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પસાર થાય છે. શુક્રવારની સમી સાંજે આ હાઈવેના નડિયાદ પાસેના એક્ઝીટ નજીક ડાકોર તરફના માર્ગ પર પસાર થતી ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસ એકાએક રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં બસમાં બેઠેલા લોકોમાં દેકારો બોલી ગયો હતો.આ બસના કાટમાળ નીચે બે લોકો દબાઈ જતાં મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય લોકોને સારવાર અર્થે નડિયાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પોલીસ વર્તુળોમાથી મળતી માહિતી મુજબ હાલ ઈજાગ્રસ્તોને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે. અસ્માતની જાણના પગલે ચાર એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી તમામ ઘાયલોને સારવાર આપવામાં આવી રહી છે. આ સાથે એક્સપ્રેસ હાઈવે પેટ્રોલિંગની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી છે. બસમાં સવાર પેસેન્જરને બહાર કાઢવા માટે એક્ષપ્રેસ હાઈવેની ટીમ કામે લાગી છે. ક્રેઈનની પણ મદદ લેવામાં આવી છે.

# લુણાવાડા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે માતૃભાષા મહોત્સવ અંતર્ગત માતૃભાષા મહિમાગાનનો કાર્યક્રમ યોજાયો



મલેકપુર, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, મહિસાગર સાહિત્ય સભા અને લુણાવાડા જેસીઆઈના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે માતૃભાષા મહોત્સવ અંતર્ગત મળી માતૃભાષા મને ગુજરાતી માતૃભાષા મહિમાગાનનો કાર્યક્રમ લુણાવાડા બોરીયાવાલા હોલ ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અદયક્ષ ભાગ્યેશ જહાએ ધ્વનિ સંદેશના માદયમથી સૌને માતૃભાષા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં નિબંધપુરૂષ તરીકે પ્રસિદ્ધ જાણીતા સાહિત્યકાર પદ્મ ડો. પ્રવીણ દરજીએ ગુજરાત સરકાર અને સાહિત્ય અકાદમીના ભાષા સંવર્ધનના પ્રયાસોની પ્રસંશા કરતાં અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા કવિઓ કુમાર જૈમીની શાસ્ત્રી, ગાયત્રી ભટ્ટ, માલિની ગૌતમ, ઝલક પટેલ અને નરેન્દ્ર જોશીએ કાવ્યપાઠ કરી માતૃભાષાનું ગૌરવગાન કરી શ્રોતાજનોને રસતરબોળ કર્યા હતા. આ કાર્યક્રમમાં જેસીઆઈ પ્રમુખ પ્રશાંત ગુર્જર, નગરના જાણીતા તબીબો, સાહિત્યપ્રેમી પ્રજાજનો, મહીસાગર સાહિત્યસભાના પ્રતિનીધીઓ, જેસીઆઈના સભ્યોએ મારા હસ્તાક્ષર મારી ભાષામાં કરવા સંકલ્પબદ્ધ થઈ માતૃભાષામાં હસ્તક્ષર કર્યા હતા અને કવિ સંમેલનને માણ્યું હતું.

# લુણાવાડાના કોઠંબા-પાલ્લા ગામે બાઈક સ્લિપ ખાઈ જતાં ચાલકનુ મોત

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કોઠંબા-પાલ્લા ગામે બાઈક સ્લિપ ખાઈ ગટરમાં પડી જતાં ચાલકનુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ.

લુણાવાડા તાલુકાના થાણા સાવલી ગામે રહેતા હિતેન્દ્રસિંહ કોયાભાઈ સોલંકીના કાકાનો દિકરી ચંદ્રસિંહ ઉર્ફે ચંદનભાઈ કનકસિંહ સોલંકી બાઈક લઈ તેનો નાનો છોકરો કાર્તિક કુમારને લઈ ઘરેથી તેની સાસરી આંટાના મુવાડા ગામે નીકળ્યો હતો તે બાદ તેમના ગામના છત્રસિંહ અર્જુનસિંહ સોલંકીએ હિતેન્દ્રસિંહને પાલ્લાથી ગુવારીયા વચ્ચે રોડ ઉપર બાઈક સ્લિપ ખાઈ ગટરમાં પડતાં માથામાં ઈજાઓ પહોંચી હતી. જેથી તેઓને ૧૦૮ મારફતે કોઠંબા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયા હતા. તેમ જણાવતા હિતેન્દ્રસિંહ કોઠંબા સરકારી દવાખાને જતાં ડોકટરે વધુ સારવાર માટે ગોધરા લઈ જવાનુ કહેતા તેઓ ગોધરા ગયા હતા. તે બાદ વધુ સારવાર માટે ગોધરાથી વડોદરા ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન ચંદ્રસિંહ ઉર્ફે ચંદનભાઈ કનકભાઈ સોલંકીનુ મોત નીપજયું હતુ.

# સંતરામપુર તાલુકાના વાસનામાં અંધ બની પુત્રની હત્યા કરનાર માતા અને તેના પ્રેમીને આજીવન કારાવાસની સજા

સંતરામપુર, મહીસાગર જીલ્લાના સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નાની ભુગેડી ગામે વાસનામાં અંધ બનેલ માતાએ પ્રેમીના કહેવાથી પોતાના પુત્રને રહેંસી નાખી હત્યા કરી હોવાનો બનાવ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. સમગ્ર કેસ મહીસાગર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ચાલી જતાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખીને દાખલારૂપ ચુકાદો આપતા બંને આરોપીઓને આજીવન કારાવાસની સજા તેમજ દંડની સજા કરેલ છે.

કેસની વિગત મુજબ વર્ષ ૨૦૨૨માં મહીસાગર જીલ્લાના સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નાની ભુગેડી ગામે સીમમાં આવેલ ખેતરમાંથી ચાર વર્ષના નાના કુમળા બાળકનું મૃતદેહ મળી આવ્યો હતો. માથાના ભાગે પથ્થર વડે મારીને લોહી લુહાણ હાલતમાં બાળકનો મૃતદેહ મળી આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હત્યાનો ગુનો નોંધી સંતરામપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક બાળકના માતા-પિતા મજુરી કામ અર્થે ભુજ ખાતે રહી પરિવારનું ભરણપોષણ કરતા હતા દરમિયાનમાં માતા સવિતાબેન અનિલભાઈ તડવી રહે છાપરીને જાકબ અમાદ સમા (મુસ્લિમ) રહેવાસી ખાવડા જીલ્લો ભુજ સાથે અનૈતિક સંબંધ બંધાયા હતા અને તેની જાણ તેના પતિને થઈ જતાં તે પત્ની અને બાળકોને લઈ પોતાના વતન સંતરામપુરના નાની ભુગેડી ગામે આવ્યા હતા પરંતુ વતનમાં આવ્યા પછી પણ સવિતાનું મન પ્રેમીને મળવા આતુર હતું. ત્યારે નાની ભુગેડી ગામમાં માતા સવિતાબેને પ્રેમી જાકબના કહેવાથી પોતાના ચાર વર્ષના પુત્ર પ્રિન્સને પથ્થર વડે માથામાં ઈજા પહોંચાડી મોત નીપજાવ્યું હતું. જેથી બંને આરોપીઓ વિરૂદ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. ત્યારબાદ આ બંને આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવાઓ સાથે લુણાવાડા ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેસમાં જીલ્લા સરકારી વકીલ સર્જન ડામોર દ્વારા આરોપીઓ વિરૂદ્ધ ૨૧ મૌખિક પુરાવા તેમજ ૪૦ થી વધુ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવતા મહીસાગર જીલ્લાના ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખીને દાખલારૂપ ચુકાદો આપતા બંને આરોપીઓને આજીવન કારાવાસની સજા તેમજ દંડની સજા કરેલ છે.

# ૧૧૮-મહુધા વિધાનસભામાં ચકલાસી ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નડીયાદ, ગત લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯માં ચકલાસી નગરપાલિકા વિસ્તારના દેવનગર, ભાખરપુરા, મીર લેંગ, રોહિતવાસ, ઓડ વગો વગેરે વિસ્તારોના મળી કુલ ૪ થી ૫ મતદાન મથકોમાં સરેરાશ કરતા ઓછા મતદાન થયેલ વિસ્તારમાં મતદાન જાગૃતિ વધારવા હેતુ થી ચકલાશી બ્રાન્ચ શાળા નડીયાદ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

આ વિસ્તારોમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં મતદારો અવશ્યક મતદાન કરે અને લોકશાહીના પર્વમાં પોતાનું યોગદાન આપે અને મતદાનની ટકાવારી વધે તે હેતુસર ચકલાસી બ્રાન્ચ શાળાના વાર્ષિકોત્સવ દરમ્યાન શાળાના બાળકો દ્વારા રંગલા-રંગલી પાત્ર મારફતે મતદારોને મતદાનની અપીલ કરવામાં આવી. તેમજ હાજર તમામે આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં અચૂક મતદાન કરવા પ્રતિજ્ઞા લીધી

# જીલ્લામાં સમાવેશ થયેલ સીટી સરવે વિસ્તારની મિલકતો તથા ગ્રામ્ય વિસ્તારમાં બિનખેતી થયેલ જમીનોમાં બાકી મહેસુલ / વિશેષધારાની વસુલાતઝુંબેશના ધોરણે શરૂ

નડીયાદ, સીટી સરવે વિસ્તારમાં આવેલ તમામ મિલકતો તથા જીલ્લાના તમામ ગામોમાં બિનખેતી થયેલ જમીન ઉપર સરકાર દ્વારા નક્કી કરવામાં આવતો મહેસુલ વેરો જે તે મિલકતધારકોએ ભરપાઈ કરવાનો થાય છે. બિનખેતી થયેલ જમીન મિલકતોમાં વિશેષધારો, લોકલશેષ અને શિક્ષણઉપકરની રકમ અગાઉ તલાટી દ્વારા વસુલાત કરવામાં આવતી હતી તે કામગીરી સરકારના મહેસુલ વિભાગના તા. ૧૬/૦૯/૨૦૨૭ના જાહેરનામાક્રમાંકGHM/2017/264/CTS/132017/H થી થયેલ સૂચના મુજબ હવેસીટી સરવેકચેરીઓને સુપ્રત કરવામાંઆવેલ છે.

ખેડા જીલ્લામાં સમાવેશ થયેલ સીટી સરવે વિસ્તારની મિલકતો તથા ગ્રામ્ય વિસ્તારમાં બિનખેતી થયેલ જમીનોમાં બાકી મહેસુલ/વિશેષધારાની વસુલાત કરવા અંગે જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે આપેલ સુચના મુજબ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તેથી જીલ્લાના બિનખેતી થયેલ જમીનોનો બાકી મહેસુલ વેરો તાકીદે ભરપાઈ કરવા તમામને જણાવવામાં આવ્યુ છે. અને આ બાબતમાં સહયોગ આપી નજીકની સીટી સરવે કચેરીનો સંપર્ક કરી પોતાની જમીન-મિલકત બાબતે વિશેષધારો, લોકલશેષ અને શિક્ષણ ઉપકરની મહેસુલવેરાની બાકી રકમ તાકિદે ભરી દેવા જાહેર અપિલ કરવામાં આવી છે.

વધુમાં મિલકતના પ્રોપર્ટીકાર્ડમાં થતી ફેરફાર નોંધ અંગેની કામગીરીમાં અસુવિધા ઉભી ન થાય તેમજ બોજા નોંધ દાખલ થવાની કાર્યવાહીથી બચવા સમયસર સામેથી લાગુ પડતી સીટી સરવે કચેરીનો સંપર્ક કરી મહેસુલવેરાની બાકી નિકળતી રકમની ખાત્રી કરી ભરી જવા સીટી સરવે સુપરિન્ટેન્ડેન્ટ ખેડાના તાબામાં આવતી શહેરી તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની બિનખેતી થયેલ જમીનો માટે બાકી મહેસુલની વસુલાતની કામગીરી નીચે મુજબની વિગતે કરવામાં આવી રહેલ છે.

શહેરી તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની બિનખેતી થયેલ જમીનો માટે બાકી મહેસુલની વસુલાતની કામગીરી નીચે મુજબ કરવામાં આવી રહેલ છે. તો તેમનો સંપર્ક કરવા જણાવાયુ છે.

ખેડા શહેર તથા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે સિટી સરવે કચેરી ખેડા મુકામે મે.સ. નરેશભાઈ સી. પ્રજાપતિ. મો. નં. ૯૭૨૪૮૪૪૬૮૨, મહુધા શહેર તથા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે સિટી સરવે કચેરી મહુધા મુકામે મે.સ. મુકેશભાઈ બી. પ્રજાપતિ. મો. નં. ૮૧૪૧૮૮૦૦૨, મહેમદાવાદ શહેર તથા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે સિટી સરવે કચેરી મહેમદાવાદ મુકામે મે.સ. મુકેશભાઈ બી. પ્રજાપતિ. મો. નં. ૮૧૪૧૮૮૦૦૨, વસો શહેર તથા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે સિટી સરવે કચેરી વસો મુકામે મે.સ. જીગ્નેશભાઈ એલ. વાઘેલા મો. નં. ૯૩૨૮૪ ૩૦૫૯૮, માતર શહેર તથા તાલુકાના તમામ ગ્રામ્ય વિસ્તાર માટે સિટી સરવે કચેરી માતર મુકામે મે.સ. જીગ્નેશભાઈ એલ. વાઘેલા મો. નં. ૯૩૨૮૪૩૦૫૯૮ સીટી સરવે સુપરિન્ટેન્ડેન્ટ ખેડાએ ઉપરોક્ત તાલુકા મુજબ સંપર્ક કરવા જણાવાયુ છે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.): આ રાશિના જાતકોને કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે તેમજ સ્નેહીના સંપર્કથી લાભ થશે અને વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.): સરકારી કામમાં સફળતા મળશે અને કરેલા કાર્યો ફળદાયી બનશે તેમજ નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.):કામમાં નિરાશાનો અનુભવ થશે અને સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે તેમજ ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રદ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.):ધન માનનો વ્યય જણાશે અને નોકરીમાં પરેશાની રહેશે તેમજ માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.): સિંહ રાશિના જાતકોને કામકાજમાં સફળતા મળશે અને ધંધામાં નવી તકો મળશે તેમજ નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સંબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.): ધંધાના કામમાં સફળતા મળશે અને પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો તેમજ આત્મવિશ્વાસમાં વધારો થશે અને ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.): ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે અને નવા સંબંધોમાં નિરાશા જણાશે તેમજ નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.): આ રાશિના જાતકોને પરિશ્રમ પછી પણ કામ અધૂરું જણાશે અને સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલિત જણાશે તેમજ નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.): ધન રાશિના જાતકોને આજે ભાગ્ય અનુકૂળ જણાય છે તેમજ રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે તેમજ વિકાસના કાર્યોમાં ગતિ આવશે, દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.): વાદ-વિવાદના કામથી બચવું અને આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે તેમજ ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.): કામની સફળતામાં ખુશી અનુભવશો અને નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે તેમજ સ્વજનોનો સહયોગ મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ): માનસિક તણાવ જણાશે અને કામમાં મધ્યમ સફળતા મળશે તેમજ વિરોધીઓથી સાવધાન રહેવું, ખર્ચ બાબતે સંભાળવું.

# દે.બારીઆના પીપલોદ નજીક હાઈવે રોડ ખાણ-ખનિજ વિભાગે રેતી પથ્થર ભરેલ ૭ ટ્રકો મળી લાખોના મુદ્દામાલ કબ્જે કર્યા

દાહોદ,

દાહોદના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ નજીક અમદાવાદ–ઈન્દૌર હાઈવે પરથી દાહોદ ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા સાત ટ્રકોમાંથી ગેરકાયદેસર રેતી અને સફેદ પથ્થરનો જથ્થા સાથે સાત વાહનો કબજે કરવામાં આવ્યાં છે. ખાણ ખનીજની ટીમ દ્વારા રેત ખનન માફિયાઓ સામે કાર્યવાહી કરતાં ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામી છે. ખાણ ખનીજની ટીમ દ્વારા ગેરકાયદેસર રેતી અને સફેદ પથ્થરો સાથે સાત ટ્રકો મળી લાખ્ખો રૂપીયાનો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં રેત ખનન માફિયાઓ બેફામ બનતાં દાહોદની ખાણ ખનીજ ટીમ દ્વારા



દાહોદ જીલ્લામાં રેત ખનન માફિયાઓ સામે કાર્યવાહીનો ધમધમાટ આરંભ કરતાં આજરોજ ખાણ ખનીજ વિભાગને મળેલ બાતમીના આધારા પીપલોદ નજીક ઈન્દૌર–અમદાવાદ પરથી સાત ટ્રકોમાં ગેરકાયદેસર રેતી અને સફેદ પથ્થરો ભરી ટ્રકો પસાર થઈ રહી હોવાની બાતમી મળતાં ખાણ ખનીજ વિભાગની ટીમ પીપલોદ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે ઈન્દૌર–અમદાવાદ હાઈવે પરથી શંકાસ્પદ સાત ટ્રકો પસાર થતાં ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા સાતેય ટ્રકોને ઉભી રખાવી ટ્રકોમાં તલાસી લીધી હતી. જેમાંથી ગેરકાયદેસર રેતી અને સફેદ પથ્થરોનો જથ્થો મળી આવ્યો હતો. ખાણ ખનીજની ટીમ દ્વારા રેતી અને સફેદ પથ્થરો ભરેલ સાત ટ્રકો કબજે લઈ અંદાજે લાખ્ખો રૂપીયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભુતકાળમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા દાહોદ જીલ્લાની મામલતદાર ટીમ દ્વારા આવા રેત ખનન માફિયાઓ સામે કાર્યવાહી કરી ડમ્ફરો, ટ્રકો વિગેરે સાથે ગેરકાયદેસર રીતેનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. ત્યારે દેવગઢ બારીઆની પાનમ નદીમાં મોટા પાયે રેતીનું ખનન થતું હોવાની ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે. પાનમ નદીમાંથી રેત ખનન માફિયાઓ ખાનગી વાહનોમાં ગેરકાયદેસર રીતે રેતી ભરી દાહોદ જીલ્લાની સાથે સાથે દાહોદ જીલ્લા બહાર રેતી ઢાલવતા હોય છે. આવા સમયે ખાણ ખનીજની ટીમની કાર્યવાહીને પગલે ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# છોટાઉદેપુર નકલી સરકારી કચેરી મહાકૌભાંડમાં તત્કાલીન પ્રાયોજન વહીવટદાર સંજય પંડ્યાને ઝડપી કોર્ટમાં રજુ કરતાં ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા

દાહોદ,

છોટાઉદેપુર નકલી સરકારી કચેરીઓના કરોડો રૂપિયાના બહાર મહાકૌભાંડમાં વધુ ચોકાવનારા રહસ્યો બહાર આવવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. ત્યારે ગતરોજ પોલીસે તત્કાલિન પ્રાયોજના વહીવટદાર સંજય પંડ્યાને ઝડપી પાડ્યાં બાદ તેને કોર્ટમાં રજુ કરતાં કોર્ટ સંજય પંડ્યાંની ત્રણ દિવસના એટલે કે તારીખ ૨૬મી સુધીના પોલીસ રિમાન્ડ આપ્યાં હોવાનું જાણવા મળે છે.

છોટાઉદેપુરના સમાંતરે દાહોદમાંથી એક બે નહીં પરંતુ ૬ નકલી સરકારી કચેરીઓ ને દાહોદ પ્રાયોજના વહીવટદાર કચેરીમાંથી સતત ૬ વર્ષો સુધી ૧૦૦ ઉપરાંત વહીવટી કામોની મંજૂરી આપીને ૧૮.૫૯ કરોડ રૂપિયા થી ૨૫ કરોડ રૂપિયાની સરકારી ગ્રાન્ટના નાણાં ફાળવવામાં આવ્યા હોવાના વડોદરાના અબુબકર આણી મંડળીના મહાકૌભાંડને પ્રોત્સાહિત કરતા વહીવટમાં સામેલ વધુ એક અધિકારી દાહોદ પ્રાયોજના કચેરીના તત્કાલીન પ્રાયોજના વહીવટદાર સંજય પંડ્યાની દાહોદ પોલીસની ટીમે ગત રાત્રે અમદાવાદ ખાતેથી અટકાયત કરીને દાહોદ ખાતે લાવીને કાયદેસર પૂછપરછો શરૂ કરતા નકલી સરકારી કચેરીઓના કરોડો રૂપિયાના બહાર મહાકૌભાંડમાં વધુ ચોકાવનારા રહસ્યો બહાર આવવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. ત્યારે પોલીસે સંજય પંડ્યાંની ત્રણ દિવસના એટલે કે તારીખ ૨૬મી સુધીના રિમાન્ડ મેળવ્યાં હોવાનું જાણવા મળે છે. દાહોદ પ્રાયોજના વહીવટદાર કચેરી દ્વારા નકલી કાર્યપાલક ઈજનેર સંદીપ રાજપૂતની ૬ નકલી સરકારી કચેરીઓને ૨૦૧૮ થી ૨૦૨૩ સુધી એટલે કે ૬ વર્ષો સુધી ૧૦૦ વહીવટી કામોની મંજૂરીઓ આપી ને ૧૮.૫૯ કરોડ રૂપિયાની ગ્રાન્ટના નાણાં આપ્યા હોવાના મહાકૌભાંડના થયેલા પર્દાફાશમાં અત્યાર સુધી પૂર્વ પ્રાયોજના વહીવટદાર નિવૃત્ત આઈ.એ.એસ બી.ડી. નીનામા સમેત ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.દાહોદના આ ૬ નકલી સરકારી કચેરીઓના મહાકૌભંડનો આંક તપાસોના અંતે અંદાજે ૨૫ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. એમાં દાહોદ પ્રાયોજના વહીવટદાર કચેરીમાં ૨૦૨૨ થી ૨૦૨૩ સુધી પ્રાયોજના વહીવટદાર તરીકે ફરજ બજાવવી ચૂકેલા સંજય પંડ્યાની વહીવટી સામેલગીરીઓ બહાર આવતા દાહોદ પોલીસ તંત્રની ટીમ દ્વારા લાંબા સમયના અલ્પવિરામ બાદ નકલી સરકારી કચેરીઓના મહાકૌભાંડ માં વધુ એક સનદી અધિકારી સંજય પંડ્યા ની અમદાવાદ ખાતેથી ધરપકડ કરવામાં આવી હોવાનું કહેવાય છે.

# દાહોદ કોલેજ રોડ ઉપર ખાણીપીણીની લારીમાં આગ લાગતાં લારી બળીને ખાખ થઈ

દાહોદ,

દાહોદ શહેરના કોલેજ રોડ પર તત્કાલ હનુમાન મંદિર નજીક વળાંક પર એક ખાણી–પીણીની લારીમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા થોડીક જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આગની લપટોમાં લારી બળી ગયાનું જાણવા મળેલ છે.

દાહોદ શહેરના કોલેજ રોડ આઈ.ટી.આઈ નજીક ફ્રેન્કી સ્ટેશન નામક ખાણીપીણીની લારીમાં બપોરના સમયે ઓચિંતી આગ ફાટી નીકળતા ગાડી પર નાસ્તો કરવા આવેલાં ગ્રાહકો તેમજ લારી સંચાલક સમય સૂચકતા વાપરી લારીથી દૂર જતા રહ્યા હતા. આ દરમિયાન ફ્રેન્કી સ્ટેશનવાળી આ ગાડી જોતજોતામાં આગની લપટોમાં ઘેરાઈ જતા આગના પગલે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. જેનાં પગલે સ્થળ પર લોકોના ટોળા ભેગા થયાં હતાં. આ દરમિયાન ઘટના અંગેની જાણ દાહોદ ફાયર બ્રિગેડ ને થતા ફાયર બ્રિગેડનો મીની ફાઈટર ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઓલવી દીધી હતી. જોકે હાલ ત્યાં સુધીમાં તો ફ્રેન્કી સ્ટેશન નામક ગાડી અગન જવાળાઓમાં ભસ્મિભૂત થઈ જવા પામી હતી. જેનાં પગલે ગાડીમાં પડેલો માલ સમાન



બળીને ખાખ થઈ જતા ગાડી સંચાલકને વ્યાપક નુકસાન પહોંચ્યા પામ્યું હતું. જોકે ગાડીમાં ક્યાં કારણોસર આગ લાગી હતી, તે સામે આવ્યુ નથી. પરંતું આ આગના બનાવમાં બાજુમા આવેલી ઈંડાની લારી તેમજ લીલા વૃક્ષ પણ સામાંન્યરીતે બળી જતા ક્ષતિગ્રસ્ત થયાં હોવાનું સામે આવ્યું છે.

# સંજેલીમાં મહિલા સહિત પાંચ ઈસમોએ કાવતરું રચી મહિલાની જમીનના ખોટા દસ્તાવેજ કરી જમીન પચાવી પાડતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી નગરમાં મહિલા સહિત પાંચ ઈસમોએ એકબીજાની મદદગારી કરી પુર્વ આયોજીત કાવતરૂં રચી એક મહિલાની વડીલોપાજીર્ત જમીનના ખોટા દસ્વોજો બનાવી સાચા દસ્તાવેજો તરીકે ઉપયોગ કરી જમીન પચાવી પાડતાં આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાંઈ હોવાનું જાણવા મળે છે.

સંજેલી તાલુકાના મોલી ગામે રહેતાં ભુરીબેન કચરાભાઈ વસુનીયાની વડીલોપાજીર્ત સંજેલીના ટીસાના મુવાડા ગામે સર્વે વંબર–૩૨ વાળી જમીન આવેલ હોય ત્યારે આ જમીનને પચાવી પાડવા માટે મોતીભાઈ હેંગાભાઈ બારીયા (રહે. સાગડાપાડા, તા.ફતેપુરા, જી.દાહોદ) અને ચોખલીબેન વીરસીંગભાઈ વસુનીયા (રહે. ચીસાનામુવાડા,તા.સંજેલી, જી.દાહોદ) નાએ કાન્તાબેન સોમાભાઈ વસુનીયા (રહે. ટીસાનામુવાડા)ને ભુરીબેનના નામે ખોટી મહિલા ઉભી કરી અને સોમાભાઈ ખેમાભાઈ વસુનીયા (રહે. ટીસાનામુવાડા, તા.સંજેલી, જી.દાહોદ) નાએ ખોટી ઓળ આપી ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા દસ્તાવેજો તરીકે ઉપયોગ કરી ભુરીબેનની ઉપરોક્ત વડીલોપાજીર્ત જમીન મોતીભાઈ અને રતનસિંહ મોતીભાઈ બારીયા (રહે. સાગડાપાડા, તા.ફતેપુરા, જી.દાહોદ) નાએ પોતાના નામે કરી પુર્વઆયોજીત કાવતરૂ રચી ભુરીબેન સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત કરી એકબીજાની મદદગારી કરી હતી.

આ સંબંધે ભુરીબેન કચરાભાઈ વસુનીયાએ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે લેન્ડ ગ્રેબીંગ અંતર્ગતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના સીમળાધસી ગામે રહેતા યુવકે સગીરાને બળજબરી પૂર્વક અવારનવાર અપહરણની કોશીષ કરતાં પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સીમળાધસી ગામે રહેતાં એક યુવકે પોતાના વિસ્તારમાં રહેતી એક ૧૩ વર્ષિય સગીરાને બળજબરીથી મોટરસાઈકલ પર બેસાડી અને અવાર નવાર બોલેરો ફોર વ્હીલર ગાડી લઈ આવી સગીરા સાથે બળજબરીપુર્વક બોલેરો ગાડીમાં બેસાડી અપહરણ કરવાની કોશીષ કરતાં આ મામલે સગીરાના પરિવારજનો દ્વારા યુવકના ઘરે કહેવા જતાં યુવકના પિતા દ્વારા સગીરાના પરિવારજનોને મારી નાંખવાની ધમકીઓ આપતાં આખરે અવાર નવાર આવા બનાવને પગલે હેરાન પરેશાન થયેલ સગીરાના પરિવારના સભ્ય દ્વારા પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે તાત્કાલિક ધોરણે તપાસનો ધમધમાટ આરંભ કરી પિતા–પુત્રની અટકાયત કરી બંન્નેને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.દેવગઢ બારીઆના સીમળાધસી ગામે રહેતો સુનીલભાઈ નારણભાઈ રાઠવા ગત તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ પોતાના ગામમાં રહેતી એક ૧૩ વર્ષિય સગીરાના ઘર તરફ મોટરસાઈકલ લઈ આવ્યો હતો. ત્યારે સગીરા ઘરની બહાર નીકળતાં તેણીને બળજબરીથી મોટરસાઈકલ પર બેસાડતાં તે સમયે સગીરાએ બુમાબુમ કરી મુકતાં સગીરાના પરિવારજનો ઘરની બહાર દોડી આવ્યાં હતાં. ત્યારે સગીરાના પરિવારજનોને જોઈ લેતાં સુનીલભાઈ મોટરસાઈકલ લઈ નાસી ગયો હતો ત્યારે અગાઉ પર સુનીલભાઈ બોલેરો ગાડી લઈ આવી સગીરા જયારે શાળાએ ભણવા જતી અને ખેતરમાં કામ કરવા જતી ત્યારે સુનિલભાઈ બોલેરો ગાડી લઈઆવી સગીરા સાથે બળજબરીથી તેણીનો હાથ પકડી અવાર નવાર બોલેરો ગાડીમાં બેસાડવાની કોશીષ કરી સગીરા સાથે અવાર નવાર પ્રેમ સંબંધ બાંધવા વારંવાર જણાવતો હતો. ત્યારે સગીરા ચોખ્ખી ના પાડતાં સુનિલભાઈ સગીરાને ધાકધમકી આપતો હતો અને કહેતો હતો કે, જો તુ મારી ગાડીમાં નહીં બેસે તો કોઈક દિવસ હું તને બળજબરીથી મારી ગાડીમાં બેસાડીને લઈ જઈશ અને આ વાત તારા ઘરે કોઈને કહીશ તો તને મારી નાંખશી તેવી ધમકીઓ આપતો રહેતો ત્યારે આ અંગેની જાણ સગીરાએ પરિવાજનોને કરી હતી. પરંતુ ત્યાર બાદ પણ સુનિલભાઈ પોતાની હરકતથી બાજ ન આવતાં અને સગીરા સાથે બળજબરી કરતાં સગીરાના પરિવારજનો આ મામલે વાત કરવા સુનિલભાઈના ઘરે ગયાં હતાં જયાં સુનિલભાઈના પિતા નારણભાઈ મડુભાઈ રાઠવાએ સગીરાના પરિવારજનોને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમારાથી થાય તે કરી લેજો, મારો છોકરો તમારી છોકરીને લઈ જશે અને હવે પછીથી મારા ઘરે આવીશ તો મારી નાંખીશ તેવી ધાકધમકીઓ આપતાં આખરે હારી થાકેલા સગીરાના પરિવારજનોએ ન્યાયની અપેક્ષા સાથે અને ઉપરોક્ત પિતા–પુત્રની કરતુતથી હેરાન પરેશાન થઈ સગીરાના પિતાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હતી. ત્યારે પોલીસે બનાવની ગંભીરતાને દયાનમાં લઈ તાત્કાલિક ધોરણે ઉપરોક્ત પિતા–પુત્રની અટકાયક કરી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આદિવાસીના ખોટા પ્રમાણપત્ર આદિવાસી અનામત, રોસ્ટર અને બેકલોગની ભરતી થયેલ હટાવવાની માંગ સાથે મામલતદારને આવેદન

દાહોદ,

આદિવાસીના ખોટા પ્રમાણપત્ર ઘેરાયેલા સંજેલી તાલુકાના આદિવાસી સમાજના મંડળો કે વ્યકિતગત આદિવાસીઓના નામે આદિવાસી, અનામત, રોસ્ટર અને બેકલોગ વિગેરે ભરતી થયેલ અને હાલમાં ચાલુ છે જેઓને હટાવવાની માંગ સાથે દાહોદ જિલ્લાના સંજેલીના આદિવાસી સમાજના લોકો દ્વારા સંજેલી મામલતદારને આવેદનપત્ર આપ્યું હોવાનું જાણવા મળે છે.

સંજેલીના આદિવાસી સમાજના લોકો દ્વારા સંજેલી મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ગુજરાત રાજ્યમાં આદિવાસીના નામે ખોટા પ્રમાણપત્રો યા સર્ટી મેળવી આદિવાસીને નામે નોકરી યા અન્ય લાભો મેળવે છે. તે બાબતે લાંબા સમયથી આદિવાસી સંગઠનો વારંવાર સરકારને વખતો વખત આ બાબતે ગંભીર નોંધ લેવા જણાવવામાં આવે છે. જેમાં દાહોદ જિલ્લામાં આવેલ સંજેલી તાલુકામાં આદિવાસીના નામે ખોટા પ્રમાણપત્રો સર્ટી દાખલ મેળવીને નોકરીઓ, મંડળો દ્વારા આદિવાસીના નામે અંધેર વહીવટ ચાલે છે જેમાં સરકારી, અર્ધસરકારી, શૈક્ષણિક સંસ્થાઓમાં આદિવાસીના નામે લાભો મેળવી પોતાના અંગત રોટલા શેકતા હોય છે. આ બાબતે આદિવાસી સમાજના મંડળો કે આદિવાસીઓના નેતાઓ ઉપર કોઈ વિશ્વાસ રહ્યો નથી. સંજેલી તાલુકામાં ખોટા પ્રમાણપત્રો સર્ટી, દાખલા, બનાવટી દસ્તાવેજોના આધારે ખોટી રીતે આદિવાસી બની બેઠેલા ખોટા સર્ટી જેતે જવાબદાર અધિકારીઓ આપી દેવાતાં ખરેખર આદિવાસીની જગ્યા અને આવા બનાવટી સર્ટીવાળા આદિવાસી બનેલ નોકરીઓમાં સ્થાનિક મંડળો તેમજ આદિવાસીઓ જમીનને પડાવવાના કાવાદાવા ઘણા લાંબા સમયથી ચાલી રહ્યાં છે. જેમાં દેખીતી રીતે શંકાસ્પદ જાતિ બતાવી ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. કેટલાંક ખરેખર આદિવાસીઓના લાભો પર તરાપ મારી બહુ મોટું કૌભાંડ આચરવામાં આવેલ છે. જે ખરેખર આદિવાસીઓને અન્યાય થયેલ છે. આ બાબતે વિશ્વેષણ સમિતિઓને આ અગાઉ જાણ કરવા છતાં કોઈ પગલા કે કાર્યવાહી કરવામાં આવેલ નથી અને બહુ દુઃખની વાત છે. આ મોટા માથાઓ હોવાને નાતે જે બનાવટી દસ્તાવેજોથી આવા કાંડોમાં સંડોવાયેલાની જો તટષ્થ તપાસ થાય તો ધાર્યા કરતાં વધુ ઘણા લાંબા સમયના કૌભાંડો બહાર પડે તેમ છે. જેથી આદિવાસીઓને લગતી તપાસ ઉચ્ચ લેવલે થાય તો ચોક્કસ પરિણામ આવે તેમ હોવાનું જણાવી સંજેલીના આદિવાસી સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## આયુષ્માન આરોગ્ય મંદિર આરોગ્યમ પરમ્ધનમ રળિયાતી ખાતે RBSK પ્રોગ્રામ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



દાહોદ,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નગરાળા હસ્તકના આયુષ્માન આરોગ્ય મંદિર આરોગ્યમ પરમ ધનમ રળિયાતી ખાતે RKSK પ્રોગ્રામ અંતર્ગત કિશોર કિશોરીઓને આરોગ્યને લગતી જરૂરી માહીતી આપવામાં આવી હતી.

કિશોરાવસ્થામાં આવતા બાળકોમાં થતા ફેરફાર અવાજ બદલાવો, શારીરિક તેમજ આંતરિક ફેરફાર, જલ્દી વ્યશનની લત લાગવી તેમજ કિશોરીઓને માસિક ધર્મ વિશે પણ સમજણ આપવામાં આવી હતી. ઉપરાંત તેઓને સેનેટરી પેડ અને પોષણ યુક્ત કીટ પણ આપવામાં આવી હતી. સમુદાયમાં ફેલાતા જુદા જુદા રોગો જેવા કે ટીબી, લેપ્રશી, મેલેરીયા, ડેન્ગ્યુ, સીકલસેલ અંગેની વિસ્તૃતમાં સમજ આપવાની સાથોસાથ આપણે આવી બીમારીઓથી કઈ રીતે બચી શકીએ તે અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. કિશોર કિશોરીઓનું વજન ઉંચાઈ અને ઈઈ તપાસ કરીને તેઓને લંચ બોક્સ, બેગ, બોટલ, કંપાસ બોક્સ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## દાહોદ જીલ્લામાં સંરક્ષણ ભરતી પૂર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમનો પુર્ણાહુતી કાર્યક્રમ યોજાયો

દાહોદ,

જીલ્લા રોજગાર કચેરી દાહોદ દ્વારા વર્ષ ૨૦૨૩–૨૦૨૪ માં દાહોદ જીલ્લાના ૩૦ ઉમેદવારોને સંરક્ષણ ક્ષેત્રે જેમાં આર્મી, નેવી, એરફોર્સ (અગ્નીવીર ) અને પેરામીલીટરી ફોર્સ, પોલીસ વગેરેમાં કારકિર્દી બનાવવા ભરતી પુર્વેની ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગ દધીચી ભવન હોસ્ટેલ, સરકારી એન્જીનીયરીંગ કોલેજ, દાહોદ ખાતે યોજવામાં આવી હતી. જે તા. ૨૬.૧.૨૦૨૪ થી ૩૦ દિવસની એક બેચ શરૂ કરવામાં આવી હતી.

તાલીમ અંતર્ગત ઉમેદવારોને કુલ ૨૪૦ કલાકની તાલીમ આપવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીને દૈનિક ૮ કલાકની તાલીમ આપવામાં આવી હતી. જેમાં એકસ સર્વીસમેન દ્વારા ૨ કલાકની શારીરીક તાલીમ અને ૬ કલાક લેખિત પરીક્ષાની તાલીમ આપવામા આવે છે. તાલીમ દરમ્યાન તાલીમાર્થીને રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી હતી. ૮૦ % હાજરી ધરાવતા તાલીમાર્થીને દૈનિક ૧૦૦/– રૂપીયા સ્ટાઈપન્ડ તરીકે ચુકવવામાં આવ્યા હતા.આ નિવાસી તાલીમના પુર્ણાહુતી કાર્યક્રમમાં સરકારી એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ પીયુષ ટેલર, જીલ્લા રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ તેમજ શારીરિક અને થીયરીના ફેકલ્ટી અને રોજગાર કચેરીના સ્ટાફ વગેરેએ હાજર રહીને તાલીમ પુર્ણ કરેલ તમામ તાલીમાર્થીને પ્રમાણપત્રો અને સાહિત્ય વિતરણ કર્યું હતું. તેમજ ૩૦ દિવસની સફળ નિવાસી તાલીમ મેળવેલ ૩ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તાલીમાર્થીઓને મહાનુભાવોના વરદ હસ્તે ખાસ ઈનામ દ્વારા સન્માન કરીને આગામી યોજનાર ભરતીઓ માટે શુભેચ્છાઓ આપવામા આવી હતી.

## જીલ્લાકક્ષાની ખેલ મહાકુંભ ૨.૦ એથ્લેટિક્સ સ્પર્ધામાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાનું નામ રોશન કરતાં બાળ રમતવીરો અને શિક્ષક



જીલ્લા કક્ષાની ખેલ મહાકુંભ ૨.૦ એથ્લેટિક્સ સ્પર્ધા રમત ગમત સંકુલ દેવગઢ બારીયા મુકામે યોજાઈ હતી.જેમાં લીમખેડા તાલુકામાં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળ રમતવીરોએ અંડર –૧૪ ચક્ર ફેંક ભાઈઓમાં દ્વિતીય ક્રમાંકે ભુરીયા વિશાલ ખુમાભાઈ તથા અંડર –૯ બ્રોડ જંપ સ્પર્ધા બહેનોમાં તૃતીય ક્રમાંક પલાસ ધર્મેશભાઈ કંજરવેટ તેમજ ઓપન વિભાગમાં બરછી ફેંકમાં પ્રથમ અને ગોળા ફેંકમાં દ્વિતીય નંબર પટેલ કંપાબેન સોનાભાઈને પ્રાપ્ત કરી પોતાની શાળા, લીમખેડા તાલુકા તથા પોતાના જીલ્લાનુ નામ રોશન કરવા બદલ શાળાનાં આચાર્ય, સમગ્ર સ્ટાફ પરિવાર અને માર્ગદર્શક શિક્ષકો પરમાર રમણભાઈ અને લીમખેડા તાલુકાના એથલેટિક્સ ટીમ મેનેજર ધર્મેન્દ્રસિંહ ચાવડાએ ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.પ્રથમ ક્રમાંક અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર રમતવીરો આગામી સમયમાં જે–તે સ્પર્ધામાં પોતાના જીલ્લાનુ રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. ખેલમહાકુંભ ૨.૦માં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાએ કુલ ૬૩૭૫૦/– રૂપિયા રોકડા વિજેતા પુરસ્કાર મેળવી એક અનોખી સિદ્ધિ મેળવી.

## કલજીની સરસવાણીના બારીયા ફળિયામાં એન.એસ.એસ. શીબીરનું આયોજન કરાયું

દાહોદ,

આઈ.પી.મિશન હાયર સેકન્ડરી સ્કૂલ મુવાળા ઝાલોદ દ્વારા N.S.S (રાષ્ટ્રીય સેવા યોજના)દ્વારા કલજીની સરસવાણીના બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં N.S.S ની ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ઉદઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે કલજીની સરસવાણીના પૂર્વ સરપંચ રાકેશભાઈ આર.ડામોર, મહિલા અદયાપન મંદિરના પ્રાચાર્ય ગીતાબેન કોઠારી તેમજ આઇ.પી.મિશન હાઇસ્કુલના આચાર્ય વાલસીંગભાઈ સંગાડા, બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્ય રાજેશભાઈ પંચાલ ગામ માંથી પધારેલ હવસિંગભાઈ બારીયા, જયંતીભાઈ તુવર, નિલેશભાઈ તુવેર, કલાભાઈ, રાકેશભાઈ બારીયા તેમજ અન્ય ગ્રામજનો હાજર રહ્યા હતા. આ શિબિરનું આયોજન એન.એસ.એસા પ્રોગ્રામ ઓફિસર મયુરભાઈ સી.પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં એન.એસ.એસ.ની માહિતી તેમજ એન.એસ.એસ. દ્વારા કયા કયા પ્રોગ્રામ કરવામાં આવશે અને ગામમાં સામાજીક જાગૃતિ, વ્યસન મુકિત તેમજ આરોગ્યને લગતી માહિતી બહુ જ ઝીણવટ પૂર્વક પધારેલ મહાનુભાવો દ્વારા આપવામાં આવી હતી. બારીયા ફળિયામાં પ્રથમ વખત આવું આયોજન થતાં ખુશીની લહેર દેખાઈ રહી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.155

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# રસ્તાને અડીને આવેલ કમ્પાઉન્ડ વોલ વગરની શહેરા ઉર્દુ શાળા અને કુમાર શાળામાં ૭૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા





શહેરા નગર વિસ્તારમાં આવેલ ઉર્દુશાળા અને કુમાર શાળામાં ૭૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. રસ્તાને અડીને આવેલ શાળાને કમ્પાઉન્ડ વોલ નહીં હોવાથી વિદ્યાર્થીઓને અકસ્માત ગમે ત્યારે થઈ શકે તેવી પરિસ્થિતિ અહીં જોવા મળી રહી છે. વાહનોની સતત અવરજવર વાળા આ રસ્તાને અડીને આવેલા શાળા ખાતે કમ્પાઉન્ડ વોલ નવીન બનાવવામાં આવે એ માટે નગરપાલિકા તંત્રને શાળાના મુખ્ય શિક્ષક દ્વારા અનેક રજૂઆતો કરાઈ હોવા છતાં અહીં કોઈ ઘટના બને ત્યારબાદ તંત્ર જાગશે કે શું? શાળાની બહાર પસાર થતાં રસ્તા ઉપર સ્પીડ બ્રેકર અવશ્ય હોય તેમ છતાં અહીં બમ્પ સંબંધિત તંત્ર દ્વારા મુકેલ નથી.

- ઉર્દુ શાળા અને કુમાર શાળા બે પાળીમાં ચાલી રહી.
- રસ્તાને અડીને આવેલ આ બન્ને શાળાને કમ્પાઉન્ડ વોલ નહિ હોવાથી બાળકોને અકસ્માત થવાનો ભય રહેલો છે.
- શાળા ખાતે કમ્પાઉન્ડ વોલ બને એ માટે શાળાના મુખ્ય શિક્ષક દ્વારા નગરપાલિકા સહિતના સંબંધિત તંત્રને અનેક રજૂઆત કરાઈ.
- શાળા ની બહાર પસાર થતા રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે એવી લોક માંગ ઉઠી.

શહેરા,

શહેરા સરકારી દવાખાના પાસે આવેલી ઉર્દુ શાળા અને કુમાર શાળામાં ૭૫૮જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવા સાથે સતત વાહનોના અવરજવર વાળા રસ્તાને અડીને આવેલ શાળા ખાતે કમ્પાઉન્ડવોલ નહી બનાવવામાં આવા સાથે રસ્તા ઉપર સ્પીડ બ્રેકર નહીં મૂકવાના કારણે વિદ્યાર્થીઓને જીવનું જોખમ રહેલું છે. શાળાના મુખ્ય શિક્ષક દ્વારા નગરપાલિકા સહિતના સંબંધિત તંત્રને શાળા ખાતે કમ્પાઉન્ડવોલ બનાવવા માટે અનેક રજૂઆતો કરવા છતાં આ બાબતને ગંભીરતા લેવામાં નહીં આવતા વાલીઓમાં છૂપો આક્રોશ તંત્ર સામે જોવા મળી રહ્યો હતો.

શહેરા નગરપાલિકા વિસ્તારમાં સરકારી દવાખાના પાસે વાહનોના અવરજવર વાળા રસ્તા ઉપર આવેલી કમ્પાઉન્ડવોલ વગરની ઉર્દુશાળા અને કુમાર શાળા બે પાળીમાં ચાલી રહી છે. ઉર્દુ શાળા સવારમાં અને કુમારશાળા બપોરની પાળીમાં ચાલતી હોવા સાથે આ બન્ને શાળામાં ૭૫૮ જેટલા બાળકો અભ્યાસ કરે છે. જોકે, સતત વાહનોના અવરજવર વાળા આ રસ્તાને અડીને આવેલી આ શાળામાં અભ્યાસ કરતા બાળકો રિષેશ માં રસ્તાને અડીને રમતા હોવાથી અકસ્માત થવાની પણ શક્યતાઓ રહેલી છે. શાળાના મુખ્ય શિક્ષક દ્વારા ૭૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હોય આ શાળાની કમ્પાઉન્ડવોલ વહેલી તકે બનાવવામાં આવે એવી અનેક રજૂઆતો નગરપાલિકા તંત્રને પણ કરવામાં આવી હતી. ઉર્દુ શાળા અને કુમાર શાળાને અડીને આવેલ રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તે પણ હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી બની રહ્યુ હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને તાત્કાલિક અહીં બમ્પ મૂકવામાં આવેતો પૂર ઝડપે નીકળતા વાહન ચાલકો પોતાની ગાડી ધીમી કરીને નીકળે તો શાળામાં અભ્યાસ કરતા કોઈ વિદ્યાર્થી વાહનના અડફેટે આવી શકે નહી, આ બાબતે સ્થાનિક તંત્ર પણ આ શાળાની પરિસ્થિતિ થી વાકેફ હોવા છતાં કમ્પાઉન્ડવોલ નહિ બનાવવાના કારણે કાલ ઊઠીને કોઈ મોટી ઘટના અહી બને તો જવાબદાર કોણ તેવા અનેક સવાલો જાગૃત વાલીઓ માંથી ચર્ચાઈ રહયા હતા. આ શાળા નુ મેદાન નાનુ હોવા સાથે સાથે ખાડા પડી જવાના કારણે બાળકોને રમવામાં પણ તકલીફ પડતી હોય એવા દ્રશ્યો પણ જોવા મળી રહયા હતા.આ શાળામાં અભ્યાસ કરતા ૭૫૮જેટલા વિદ્યાર્થીઓ શાળામાં આવવાના અને છૂટવાના સમયે વિદ્યાર્થીઓ રસ્તો ક્રોસ કરીને પોતાના ઘરે જતા હોવાથી જાગૃત વાલીઓ દ્વારા આ બાબતને લઈને ધારાસભ્યથી લઈને જીલ્લા કલેક્ટર ને લેખીત અને મૌખિક રજૂઆત આવનારા દિવસોમાં કરવામાં આવનાર છે.

# પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી શહેરા તાલુકાની ૧૧ સરકારી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક તપાસ દરમિયાન ચાર દુકાનો માંથી અનાજની વધ-ઘટ સામે આવી



- બોરીયા, શેખપુર, ડોક્વા, ઉમરપુર ગામની સસ્તા અનાજની દુકાનોમાંથી ૩૬ કટ્ટા અનાજની વધ-ઘટ જણાઈ.
- બોરીયા, ઉમરપુર ગામે સસ્તા અનાજની દુકાન માંથી ઘઉંના ૧૦ કટ્ટાની વધ મળતાં જથ્થો સીઝ કરાયો.

શહેરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા શહેરા તાલુકાની ૧૧ જેટલી સરકારી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિતક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચાર દુકાનો માંથી ઘઉં, ચોખા, મોરસની વધ-ઘટ સામે આવતાં ચાર સરકારી દુકાનદારો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને તેમની ટીમ દ્વારા ૨૨ ફેબ્રુઆરીના રોજ શહેરા તાલુકાના શેખપુર, સંભાલી, કોઠા, હોસેલાવ, ઝોઝ, તાડવા, ઉંમરપુર, ડોકવા, બોરીયા, ભોરીયા-૨, ગમનબારીયા મુવાડા મળી ૧૧ સરકારી સસ્તા અનાજની દુકાનોમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન શેખપુર ગામની સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ઘઉં-૮ કટ્ટાની ઘટ, ચોખા-૬ કટ્ટાની ઘટ સામે આવી હતી. બોરીયા સસ્તા અનાજની દુકાન માંથી ઘઉં-૩૬ કટ્ટા વધ અને ખાંડ ૬૦ કિલો, ૧ કટ્ટાની ઘટ, ડોકવા સરકારી દુકાન માંથી ઘઉંના -૫ કટ્ટાની ઘટ અને ચોખા-૬ કટ્ટાની ઘટ, ઉંમરપુર સરકારી દુકાનમાં તપાસ દરમિયાન ઘઉંના-૭ કટ્ટાની વધ સામે આવી હતી. આમ શહેરા તાલુકાની સરકારી સસ્તા અનાજની ૧૧ દુકાનોમાં તપાસ દરમિયાન ચાર દુકાનો માંથી અનાજ ચોખા, ઘઉં અને મોરસમાં વધ-ઘટ સામે આવી ૧૦ કટ્ટાની વધુ અને ૨૬ કટ્ટાની ઘટ મળી કુલ ૩૬ કટ્ટાની વધ-ઘટ જેની બજાર કિંમત ૫૫,૬૮૦/-રૂપીયા થવા જાય છે. તેમજ તપાસ દરમિયાન સરકારી સસ્તા અનાજની દુકાનોમાં તપાસ મુજબ બોર્ડ કે રેકર્ડ નિભાવેલ આવ્યા ન હોવાનું સામે આવ્યું હતું. જીલ્લા પુરવઠા અધિકારી અને ટીમની તપાસ દરમિયાન ઉંમરપુર અને બોરીયા ગામે સસ્તા અનાજની દુકાન માંથી ઘઉંના ૧ કટ્ટા વધ કિંમત ૧૩,૩૫૬/-રૂપીયાનો જથ્થો સીઝ કરી ચાર સરકારી સસ્તા અનાજના પરવાનેદારો વિરૂદ્ધ નિયમોનુસાર કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો અયોધ્યા જવા માટે રવાના



ઘોઘંબા,

શ્રી રામ જન્મભૂમિ અયોધ્યાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને એક મહિનો પૂરો થવા આવ્યો છે. ત્યારે સમગ્ર ભારત દેશમાંથી હિન્દુ ધર્મના તમામ અનુયાયીઓ ભગવાન શ્રી રામના દર્શન કરવા માટે ક્રમશઃ અયોધ્યા જાય છે. આજે ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, વિવિધ હોદ્દેદારો, સરપંચો તથા તાલુકા પંચાયતના સદસ્યો અને જીલ્લા પંચાયતના સદસ્યો અયોધ્યા જવા માટે રવાના થયા હતા. ભગવાન શ્રી રામના દર્શન કરવા માટે દરેક ભાવિક ભક્તોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે વિદાય કરવા માટે તાલુકા પંચાયતના પ્રમુખ અને સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહી સૌને જય શ્રીરામના ઘોષ સાથે વિદાય આપવામાં આવી હતી.

# વેજલપુર પોલીસે ચલાલી ચોકડીથી રીછીયા સુધી પીછો કરી સ્વીફ્ટ કારમાં લઈ જવાતો ૨૬ હજારનો દારૂનો જથ્થો ઝડપ્યો

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, વણાંકપુરના બુટલેગર સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં ભરી ગોધરા તરફ આવનાર છે. તેવી ચોકકસ બાતમીના આધારે ચલાલી ચોકડી ખાતે વોચ ગોઠવી ગાડીનો પીછો કરી કાર માંથી બીયર તથા ઈંગ્લીશ દારૂ ૨૬,૮૮૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ તેમના પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, વણાંકપુરનો બુટલેગર રોહિતભાઈ વિનોદભાઈ બારીયા સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં.જીજે.૧૩.સીસી.૯૬૯૯માં ઈંગ્લીશ દારૂ ભરીને ગોધરા તરફથી આવનાર છે. તેવી બાતમીના આધારે ચલાલી ચોકડી પાસે પોલીસે વોચ ગોઠવી બાતમીવાળી કારને રોકવાની કોશીષ કરતાં કાર ભગાડી મુકી હતી. પોલીસે પીછો કરતાં રીંછીયા બસ સ્ટેશન ખાતેથી કાર મળી આવી હતી. પોલીસે તપાસ કરતાં ગાડી માંથી બીયર અને ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૨૬૪ કિંમત ૨૬,૮૮૦/-રૂપીયા તથા કાર મળી ૪,૨૬,૮૮૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. ગાડી છોડી નાશી છુટેલ બુટલેગર રોહિતભાઈ બારીયા વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# શહેરા તાલુકાના શેખપુર ગામના ઈસમને ઝડપી પાડી ચોરીની ૧૯ બાઈકો કબ્જે લઈ પંચમહાલ-વડોદરા જિલ્લામાંથી ચોરાયેલ બાઈકચોરીના ગુના ડિટેક્ટ કર્યા



શહેરા,

શહેરા તાલુકાના શેખપુર ગામના ઈસમે મોજ શોખ માટે પંચમહાલ અને વડોદરા જિલ્લાના અલગ અલગ જગ્યાએથી ડુપ્લિકેટ ચાવીથી ૧૯ જેટલી બાઈકો ચોરી કરી હતી. શહેરા પોલીસ મથકના પી.આઈ.ને મળેલ બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસે ઈસમના ઘરેથી ચોરીની પાંચ બાઈકો સાથે ધરપકડ કરી હતી.

શહેરા તાલુકા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટરને બાતમી મળી હતી કે,શેખપુર ગામે મુવાડી ફળિયામાં રહેતા સામંતસિંહ જુવાનસિંહ રાઠોડ પાસે શંકાસ્પદ બાઈકો રાખેલ છે. અને હાલમાં ભોટવા ગ્રામ પંચાયત પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે શહેરા પોલીસ દ્વારા ઈસમ સામંતસિંહ રાઠોડને ઝડપીને પોલીસ મથકે લઈ ગયા હતા. જયાં પુછપરછ દરમિયાન આરોપી દ્વારા પંચમહાલ-વડોદરા જિલ્લાની અલગ અલગ સ્થળેથી ડુપ્લિકેટ ચાવીની મદદથી ૧૯ જેટલી બાઈકોની ચોરી કરી હતી. અને આ બાઈકો અલગ અલગ ગામોમાં આપી દેવામાં આવી હોવાની કબુલાત કરી હતી.પોલીસે આરોપીના ઘરેથી ચોરીની પાંચ બાઈકો તેમજ બંને જિલ્લામાંથી ચોરી કરેલ ૧૯ બાઈકો કિ.રૂ.૩,૩૫,૦૦૦/-રૂ.નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. શેખપુરાના સામંતસિંહ રાઠોડ પોતાના મોજશોખ પુરા કરવા માટે બાઈકો ચોરી કરતો હતો જેને શહેરા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# ગોધરા એસ.ટી.વિભાગ દ્વારા ઘટ પુરવા માટે નિવૃત્ત ડ્રાઈવર-કંડકટરને કરારથી ભરતી કરાશે

ગોધરા,

ગુજરાત એસ.ટી.વિભાગ દ્વારા ડ્રાઈવર-કંડકટરની ઘટ સરભર કરવા નિવૃત્ત ડ્રાઈવર-કંડકટરની ૧૧ માસ માટે ફિકસ પગાર સાથે કરાર આધારિત નિમણુંક કરવામાં આવી છે. ગોધરા એસ.ટી.વિભાગના નિયામક બી આર ડિંડોરના જણાવ્યા અનુસાર રાજયના ઘણા ડેપોમાં ડ્રાઈવર-કંડકટરોની ઘટના કારણે એસ.ટી.ના સંચાલકમાં મુશ્કેલી પડતા નિરાકરણ લાવવા રાજય એસ.ટી.નિગમ દ્વારા નિવૃત્ત ડ્રાઈવર-કંડકટરની કરાર સાથે ભરતી કરવા આયોજન કરાયુ છે. જેમાં નિવૃત્ત ડ્રાઈવર-કંડકટર સ્વૈચ્છાએ ફરજ નિભાવવા તૈયાર હોય તેઓ માટે નિગમ દ્વારા નિવૃત્ત ડ્રાઈવર-કંડકટરને ૧૧ માસનો કરાર કરવાની રહેશે. નવી ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી ફરજ ચાલુ રહેશે.૬૨ વર્ષ પુર્ણ થવા જેમાં માસિક ફિકસ રૂ.૨૬૦૦૦ વેતન અપાશે. સિવિલ સર્જનનુ ફિટનેસ સર્ટિ, પોલીસ દાખલો સહિત ૧૮ જેટલી શરતોનુ ફરજ દરમિયાન પાલન કરવાનુ રહેશે.ગોધરા વિભાગ દ્વારા પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં ૭ ડેપોમાં ૨૧૬ ડ્રાઈવર અને ૧૫૬ કંડકટરોની ઘટ છે. રાજય એસ.ટી.વિભાગ દ્વારા નિવૃત્ત ડ્રાઈવર-કંડકટરની કરાર સાથે ભરતી જાહેરાત કરવામાં આવતા ગોધરા વિભાગીય કચેરી ખાતે ૧૦૦થી વધુ નિવૃત્ત ડ્રાઈવર અને કંડકટરોએ પણ કરાર સાથે ફરજ નિભાવવાની તૈયારીઓ સાથે પોતાની અરજી કચેરીમાં આપી છે.

# ગોધરા પાવર હાઉસ ભુરાવાવ વિસ્તારમાં ફોર વ્હિલ ચાલકે રિક્ષાને ટકકર મારતા રિક્ષા ચાલકને ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવ્યુ

ગોધરા,

ગોધરા શહેર પાવર હાઉસ ભુરાવાવ પાસે ફોર વ્હિલ ચાલકે પોતાનુ પુરઝડપે હંકારી લાવીને ઓટો રિક્ષાને ટકકર મારી રિક્ષા ચાલકને ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર પાવર હાઉસ ભુરાવાવમાં રિક્ષા નં.જીજે-૧૭-યુ-૮૮૨૫ના ચાલક મોહંમદ ચુરમલી (ઉ.વ.૬૦)રિક્ષા લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હિલર ગાડી નં.જીજે-૧૭-એન-૯૭૯૫ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવીને રિક્ષાને ટકકર મારતા રિક્ષા ચાલક મોહંમદ ચુરમલીને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવતા આ બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# હાલોલ અરાડ રોડ શિવસાગર સોસાયટીમાં ૨૨ વર્ષિય યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં માતમ

હાલોલ,

હાલોલના અરાડ રોડ ઉપર ૨૨ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં પંખા ઉપર સાડીનો ગાળિયો કરી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં માતમ છવાઈ જવા પામ્યો છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલના અરાડ રોડ ઉપર આવેલ શિવસાગર સોસાયટીમાં રહેતા અરૂણ સોલંકી(ઉ.વ.૨૨)એ સ્વ.નિવૃત્ત પીએસઆઈના ૬ દિકરી પછીનો પુત્ર હતો. પિતાના મૃત્યુ બાદ પરિવારની જવાબદારી અરૂણ સોલંકી ઉપર હતી. છેલ્લા ત્રણ વર્ષથી લાઈફ કેર હોસ્પિટલમાં આઈસીયુમાં ફરજ બજાવતો હતો. મંગળવારના રોજ મૃતક અરૂણનો વાઘોડિયાના મિત્ર સાથે ઘરે હતો ત્યારે કોઈ કામ અર્થે પોતાના રૂમમાં ગયો હતો. અને મોટી બહેન સાથે ફોન ઉપર વાત કરી હતી. બાદમાં રૂમનો દરવાજો બંધ હતો. બુમાબુમ કરતા દરવાજો નહિ ખોલતા બહેને બારીમાંથી જોતા અરૂણ ગળેફાંસો ખાધેલ હાલતમાં લટકેલો જોવા મળતા ઘરમાં હાજર મિત્રએ મૃતદેહને નીચે ઉતારી સીપીઆર આપવાનો પ્રયાસ કર્યો હતો. છતાં અરૂણનુ ગળેફાંસો ખાવાથી મોત નીપજવા પામ્યુ હતુ. ૨૨ વર્ષિય યુવાનને મોતનુ કારણે હજુપણ અકબંધ રહેવા પામ્યુ છે.

# ગોધરા દેવ તલાવડી ચોકડી પાસે મંદિર અને શાળાને લઈ સ્પીડ બ્રેકર મુકવા માંગ

ગોધરા,

ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ દેવ તલાવડી ચોકડી પાસે બેબી લેન્ડ, સેન્ટ આર્નોલ્ડ સ્કુલ અને સ્વામી નારાયણ મંદિર પાસે સ્પીડ બ્રેકર મુકવાની માંગ કરવામાં આવી છે.

ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ દેવ તલાવડી ચોકડી પાસે બેબી લેન્ડ, સેન્ટ આર્નોલ્ડ સ્કુલ અને સ્વામી નારાયણ મંદિર આવેલુ છે. જયાં વિદ્યાર્થીઓ સહિત રાહદારોઓ, મંદિરે દર્શન કરનાર દર્શનાર્થીઓ મોટા પ્રમાણમાં અવર જવર કરતા હોય છે. અને આ જ રસ્તા ઉપર અમદાવાદ હાઈવે માર્ગ પસાર થાય છે. જયાં મોટી સંખ્યામાં વાહનચાલકો બેફામ પોતાનુ વાહન હંકારીને લઈ આવે છે. અને જેના કારણે ઘણી વખત નાના-મોટા અકસ્માતો બનતા હોય છે. ત્યારે સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને મંદિરે દર્શન કરવા આવતા દર્શનાર્થીઓ અને રાહદારીઓની સલામતી અને સુરક્ષાના ભાગરૂપ સ્પીડ બ્રેકર મુકવા માટે ગોધરા શહેરના જાગૃત નાગરિક દ્વારા આર એન્ડ બી વિભાગના અધિકારીઓને લેખિતમાં આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

# કાલોલ સિવિલ કોર્ટની નવી બિલ્ડિંગ બે વર્ષથી ઉદ્‌ઘાટન માટે મીટ માંડી રહી છે

કાલોલ

કાલોલમાં સિવિલ જ્યુડિ.કોર્ટ માટે અંદાજિત ૮.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવીન ભવન બે વર્ષથી બનીને તૈયાર છે. પરંતુ દોઢ વર્ષથી ફર્નીચરની કામગીરી ઠપ્પ થયેલી જોવા મળતા નવુ ભવન ધુળ ખાતુ જોવા મળી રહ્યુ છે. જેના પગલે બાર એસોસિએશન દ્વારા વહેલી તકે નવી કોર્ટ બિલ્ડિંગનુ લોકાર્પણ કરવામાં માંગ ઉઠવા પામી છે.

આ કોર્ટ બિલ્ડિંગ માટે વર્ષ-૨૦૧૯થી મંજુરી મળી હતી. ત્યારબાદ ૨૦૨૨માં બનીને તૈયાર થઈ ગઈ હતી. જેમાં નવીન કોર્ટ માટે જરૂરી માળખાકીય બિલ્ડિંગના બાંધકામ સાથે ગાર્ડનીંગ અને ટ્રીપ્લાન્ટેશન પણ કરી દેવાયુ છે. પરંતુ દોઢ વર્ષથી ફર્નીચર સહિતની કામગીરી ઠપ્પ છે. જેને પગલે આ નવુ ભવન ધુળ ખાઈ રહ્યુ છે. ગાર્ડનીંગ અને ટ્રીપ્લાન્ટેશનને પણ નુકસાન થઈ રહ્યુ છે. હાલ કોર્ટ જજન બંગલામાં ટેમ્પરરી રીતે કાર્યરત છે. જેના કારણે જજસ પણ અન્યત્ર ભાડાના મકાનમાં રહે છે. જેથી જજીસ સહિત વકીલો અને કોર્ટના સ્ટાફને તકલીફ પડી રહી છે. જેથી કાલોલ બાર એસો.દ્વારા ધારાસભ્યને આવેદન આપી કોર્ટ બિલ્ડિંગનુ વહેલી તકે લોકાર્પણ કરવા માંગ કરાઈ છે.

# કાલોલના વ્યાસડામાં સરકારી સસ્તા અનાજની દુકાનમાં પુરવઠા અધિકારીએ તપાસ કરી અનાજની વધ-ઘટ પકડી

કાલોલ,

કાલોલ તાલુકાના વ્યાસડામાં આવેલ સરકારી સસ્તા અનાજની દુકાનના પરવાનેદાર ગોહિલ પ્રતાપસિંહ એન ને ત્યાં જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને તેઓની ટીમ દ્વારા આકસ્મિક તપાસ કરતા ઘઉંના બે કટ્ટા અને ચોખાના પાંચ કટ્ટાની ઘટ મળી આવી હતી. અનાજની બજાર કિ.રૂ.૧૩,૨૯૨ તેમજ પરવાનેદારના ભાઈની કરિયાણાની દુકાનમાં અનઅધિકૃત રીતે સંગ્રહ કરેલ ઘઉં ૧૪.૫૦૦ કિલો તથા ચોખા ૨૦૨.૫૦૦ આમ કુલ મળી ૨૧૭ કિલો મળી આવેલ જેની કિ.રૂ.૮૨૪૯નો જથ્થો સીઝ કરવામાં આવેલ છે. આમ કુલ ૧૧ કટ્ટાની વધ-ઘટ જેની કિ.રૂ.૨૧,૫૪૧ ગણી પરવાનેદાર સામે અનઅધિકૃત સંગ્રહ કરેલ તેમજ ઘટ પડેલ જથ્થા અન્વયે કાર્યવાહી હાથ ધરાઈ છે.